પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૮ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૦-૦૯-૨૦૨૨ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# ૧૦ દિવસ સુધી મહારાણી એલિઝાબેથ દ્વિતિયના પાર્થિવ શરીરને દફનાવવામાં નહીં આવે

## એલિઝાબેથ દ્વિતિયના નિધન બાદ દેશ વિદેશની મોટી મોટી હસ્તીઓ સહિત લોકો શ્રદ્ધાંજલિ પાઠવી રહ્યા છે



લંડન,
બ્રિટનના મહારાણી એલિઝાબેથ દ્વિતીયનું નિધન થયું છે.રોયલ ફેમેલીના ટ્વિટર પર તેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ પહેલા સમાચાર આવ્યા હતા કે મહારાણીની તબીયત ખરાબ છે. તેમને ડોકટરોએ આરામ કરવાની સલાહ આપી હતી.

મહારાણી એલિઝાબેથનું ગુરૂવારે નિધન થયું છે. સ્કોટલેન્ડના બાલ્મોરલ કેસલમાં ૯૬ વર્ષીય મહારાણીએ અંતિમ શ્વાસ લીધા છે. આ દરમિયાન મહારાણીના મોટા પુત્ર રાજકુમાર ચાર્લ્સ સહિત રાજ પરિવારના ઘણા સભ્યો ત્યાં હાજર હતા. બે દિવસ પહેલા મહારાણી એલિઝાબેથની તસવીર સામે આવી હતી, જ્યારે લિઝ ટ્રસને તેમણે બ્રિટનના નવા પ્રધાનમંત્રી નિયુક્ત કર્યા હતા.

મહારાણી એલિઝાબેથે ૭૦ વર્ષ સુધી શાસન કર્યું. તેમના શાસનકાળમાં બ્રિટનને ૧૫ પ્રધાનમંત્રી મળ્યા. મહારાણી એલિઝાબેથ દ્વિતિયના નિધન બાદ હવે તેમના મોટા પુત્ર ચાર્લ્સ બ્રિટનના નવા રાજા બન્યા છે. એલિઝાબેથ દ્વિતિય માત્ર બ્રિટનના જ નહીં પરંતુ અન્ય ૧૪ દેશના પણ મહારાણી હતા. શાહી પરિવારના જણાવ્યાં મુજબ મહારાણીની સમસ્યાથી પીડાતા હતા. જેમાં તેમને ઊભા થવામાં અને ચાલવામાં પરેશાની થતી હતી. મહારાણી એલિઝાબેથ દ્વિતિયને આ વર્ષે ફેબ્રુઆરીમાં કોરોના પણ થયો હતો. ગુરુવારે તેમની તબિયત બગડી હતી. ત્યારબાદ તેઓ ડોકટરની નિગરાણી હેઠળ હતા.

તેમણે લગભગ ૭૦ વર્ષ સુધી રાજ કર્યું.એલિઝાબેથ ૧૯૫૨માં તેમના પિતા જ્યોર્જ ષષ્ટમના મોત બાદ મહારાણી બન્યા હતા. ત્યારે તેમની ઉંમર માત્ર ૨૫ વર્ષ હતી. ૨૧ એપ્રિલ ૧૯૨૬ના રોજ ક્વીન એલિઝાબેથ દ્વિતિયનો જન્મ થયો હતો. તે સમયે બ્રિટનમાં કિંગ જ્યોર્જ (પાંચમા)નું રાજ હતું. એલિઝાબેથનું આખુ નામ એલિઝાબેથ એલેક્ઝેન્ડરા મેરી વિન્ડસર હતું. કોઈ પણ બ્રિટિશ શાસકના સૌથી લાંબા સમય સુધી રાજ કરવાનો રેકોર્ડ તેમના નામે છે. મહારાણી એલિઝાબેથ દ્વિતિયના નિધન બાદ હવે તેમને દેશ વિદેશમાંથી મોટી મોટી હસ્તીઓ સહિત લોકો શ્રદ્ધાંજલિ પાઠવી રહ્યા છે. તેમના પાર્થિવ શરીરને આગામી ૧૦ દિવસ સુધી દફન કરવામાં આવશે નહીં.

સ્કોટલેન્ડમાં મહારાણી એલિઝાબેથ દ્વિતિયના નિધન બાદ ઓપરેશન યુનિકોર્ન શરૂ કરી દેવાયું છે. બ્રિટનના અધિકારીઓના જણાવ્યાં મુજબ મહારાણીના નિધનથી અંતિમ સંસ્કાર વચ્ચેના ૧૦ દિવસ દરમિયાન થનારા કાર્યક્રમોના મેનેજમેન્ટ માટે ઓપરેશન લંડન બ્રિજ તૈયાર કરવામાં આવ્યો હતો. જો સ્કોટલેન્ડમાં મૃત્યુ થાય તો એવી સ્થિતિમાં ઓપરેશન યુનિકોર્ન વિશે વિચારણા હતી.

અત્રે જણાવવાનું કે સ્કોટલેન્ડમાં રાણીના મોત બાદ ઓપરેશનનું નામ યુનિકોર્ન રાખવામાં આવ્યું. નવા રાજા ચાર્લ્સ સહિત રોયલ ફેમિલીના અન્ય સભ્યો પણ બાલ્મોરલ પહોંચી ગયા છે. એલિઝાબેથ દ્વિતિયના અંતિમ સંસ્કારની તૈયારીઓ શરૂ થતા જ નવા રાજની અધિકૃત તાજપોશીની પણ તૈયારી શરૂ થઈ જશે. અત્રે જણાવવાનું કે યુનિકોર્ન સ્કોટલેન્ડનું રાષ્ટ્રીય પશુ છે. આવામાં લંડનની જગ્યાએ સ્કોટલેન્ડમાં મહારાણી એલિઝાબેથ દ્વિતિયનું મોત થતા ઓપરેશન યુનિકોર્ન નામ આપવામાં આવ્યું છે. અત્રે જણાવવાનું કે નિર્ધારિત નિયમો મુજબ મહારાણીના મોતના દિવસને 'ડી ડે' તરીકે જાહેર કરવામાં આવ્યો છે અને ત્યારબાદ જેમ દિવસ વિતતો જાય તેમ ડી ૧, ડી ૨, તરીકે ઓળખવામાં આવશે.

સ્કોટલેન્ડની સંસદને ભંગ કરી દેવાઈ છે. મહારાણીના મૃતદેહને પહેલા ટ્રેનથી એડિનબર્ગ લાવવામાં આવશે. બીજા દિવસે તેમના તાબૂતને રોયલ માઈલથી સેન્ટ ઝાઈલ્સ કેથેડ્રલ સુધી લઈ જવાશે. અહીં શાહી પરિવારના સભ્યો અને જનતા તેમને શ્રદ્ધાંજલિ આપી શકશે. ત્યારબાદ તેમના મૃતદેહને ફરીથી રોયલ ટ્રેનમાં રાખીને બર્કિંઘમ પેલેસ લંડન લઈ જવાશે. એવું પણ બની શકે કે મહારાણીના મૃતદેહને હવાઈમાર્ગથી પણ લંડન લાવી શકાય છે. લંડનમાં પ્રધાનમંત્રી અને કેબિનેટના સભ્યો તેમના પાર્થિક શરીરને રિસિવ કરશે. બર્કિંઘમ પેલેસમાં તેમના મૃતદેહને રાખ્યા બાદ ૮ દિવસ વધુ અધિકૃત શોક રહેશે. ત્યારબાદ વેસ્ટિન્સ્ટર એબ્બેમાં તેમના રાષ્ટ્રીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવશે.

## મહારાણી એલિઝાબેથના નિધન પર ભારતમાં એક દિવસનો રાજ્ય શોક, સન્માનમાં રાષ્ટ્રધ્વજ અડધો ઝુકાવવામાં આવશે

બ્રિટનના સૌથી લાંબા સમય સુધી શાસન કરનાર રાણી એલિઝાબેથ દ્વિતીયનું ગુરુવારે ૯૬ વર્ષની વયે અવસાન થયું હતું. રાણીએ લગભગ ૭ દાયકા સુધી બ્રિટિશ સિંહાસન પર શાસન કર્યું. તેમના મૃત્યુ સાથે, બ્રિટનના ઈતિહાસમાં કોઈપણ શાસકના સૌથી લાંબા શાસનનો અંત આવ્યો છે. મહારાણીના નિધનને કારણે બ્રિટન સહિત અનેક દેશોમાં શોકની લહેર છે અને ભારતમાં પણ એક દિવસના રાજ્ય શોકની જાહેરાત કરવામાં આવી છે. ગૃહ મંત્રાલયના એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સ્વર્ગસ્થ મહાનુભાવના સન્માનમાં, ભારત સરકારે નિર્ણય લીધો છે કે ૧૧ સપ્ટેમ્બરે સમગ્ર ભારતમાં રાજ્ય શોકનો દિવસ રહેશે. નિવેદનમાં નોંધ્યું છે કે શોકના ચિહ્ન તરીકે તમામ સરકારી ઈમારતોમાં લહેરાવવામાં આવનાર રાષ્ટ્રધ્વજ રાણીના માનમાં અડધી ઝુકાવશે અને તે દિવસે કોઈ સત્તાવાર મનોરંજન થશે નહીં. રાણીના નિધન પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેમને શ્રદ્ધાંજલિ આપી છે અને શોક વ્યક્ત કર્યો છે. પીએમ મોદીએ કહ્યું કે મહારાણી એલિઝાબેથ દ્વિતીય એક એવું મજબૂત વ્યક્તિત્વ હતું જેણે પોતાના દેશ અને લોકોને પ્રેરણાદાયી નેતૃત્વ આપ્યું હતું. ૨૦૧૫ અને ૨૦૧૮માં રાણી સાથેની તેમની યાદગાર મુલાકાતોનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે રાણી એલિઝાબેથ દ્વિતીય જાહેર જીવનમાં પ્રતિષ્ઠા અને શાલીનતાનું પ્રતિક હતું. વડાપ્રધાને કહ્યું, 'હું તેમની ઉષ્મા અને ઉદારતાને ક્યારેય ભૂલીશ નહીં. એક મીટિંગ દરમિયાન, તેમણે મને મહાત્મા ગાંધીએ તેમના લગ્ન પ્રસંગે ભેટમાં આપેલો રૂમાલ બતાવ્યો. મને તેનું વર્તન હંમેશા ગમ્યું છે.

# બિલ્કિસ કેસ : દોષિતોને મુક્ત કરવાના કેસમાં ગુજરાત સરકારને બે સપ્તાહમાં દસ્તાવેજો રજૂ કરવા આદેશ



સુપ્રીમ કોર્ટે શુક્રવારે ૨૦૦૨ના ગુજરાત રમખાણો પીડિતા બિલ્કિસ બાનોના દોષિતોને મુક્ત કરવા સામે સુનાવણી હાથ ધરી હતી. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે આ કેસમાં દાખલ કરાયેલી તમામ અરજીઓ પર નોટિસ જારી કરી છે. છેલ્લી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે બિલ્કિસ બાનોમા કેસમાં રાજ્ય સરકારને નોટિસ પાઠવી હતી. સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારને બે અઠવાડિયામાં દોષિતોને મુક્ત કરવા સંબંધિત તમામ દસ્તાવેજો કોર્ટમાં રજૂ કરવા જણાવ્યું છે.

સુપ્રીમ કોર્ટમાં આ કેસની આગામી સુનાવણી ત્રણ અઠવાડિયા પછી થશે. સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારને બે અઠવાડિયામાં અરજી પર જવાબ દાખલ કરવા પણ કહ્યું છે. સુપ્રીમ કોર્ટના આદેશ છતાં, મુક્ત કરાયેલા ૧૧ લોકોને અરજદારો વતી અનુરૂપતા ન હોવાને કારણે સુનાવણી શુક્રવારે મોકૂફ રાખવામાં આવી છે.

બિલ્કીસ બાનોએ આ કેસમાં કહ્યું હતું કે, તે અને તેના પરિવારના સાત સભ્યો સાથે સંકળાયેલા કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા ૧૧ દોષિતોની અકાળે મુક્તિથી ન્યાયમાં તેમનો વિશ્વાસ તૂટી ગયો છે. ગુજરાત સરકારે બિલકિસ બાનો ગેંગ રેપ અને તેના પરિવારના સાત સભ્યોની હત્યાના દોષિત તમામ ૧૧ લોકોને માફ કર્યા પછી ૧૫ ઓગસ્ટના રોજ તેને ગોધરા સબ-જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો.

સરકારના આ પગલાની ટીકા કરતા બિલ્કિસે કહ્યું કે આટલો મોટો અને અન્યાયી નિર્ણય લેતા પહેલા કોઈએ તેમની સુરક્ષા વિશે પૂછ્યું ન હતું અને તેમના ભલા વિશે વિચાર્યું ન હતું. તેમણે ગુજરાત સરકારને આમાં ફેરફાર કરવા અને તેમને ભય વિના શાંતિથી જીવવાનો અધિકાર આપવા જણાવ્યું હતું. બિલ્કિસ બાનો વતી તેમના વકીલે નિવેદન જારી કરીને કહ્યું હતું કે ૧૫ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ જ્યારે મેં સાંભળ્યું કે મારી ત્રણ વર્ષની દીકરીને મારી પાસેથી છીનવી લેનારા ૧૧ દોષિતોને મુક્ત કરવામાં આવ્યા છે, જેમણે મારા પરિવાર અને મારું જીવન બરબાદ કર્યું હતું. તો મારી સામે ૨૦ વર્ષ જૂનો ભયાનક ભૂતકાળ ઉભો હતો.

# "ગણપતિ બાપા મોરીયા, અગલે બરસ તું જલ્દી આના", બાપ્પાની વિદાય ટાણે ભક્તોની આંખો ભીની થઈ



મુંબઈ,
છેલ્લા ૧૧ દિવસથી શહેરના જુદાજુદા વિસ્તારોમાં ગણેશજીનું સ્થાપન કરીને તેનું પૂજન અર્ચન કરવામાં આવી રહ્યું હતું. તે દરમ્યાન આજે દેશભરમાં ભગવાન ગણેશની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું ખાસ કરીને મહારાષ્ટ્રમાં ગણપતિ બાપા મોરીયા અહલે બરસ તું જલ્દી આનાના જયઘોષ સાથે વિસર્જન કરવામાં આવ્યું હતું બાપ્પાની વિદાય ટાણે ભકતોની આંખો ભીની થઈ ગઈ હતી મહારાષ્ટ્રમાં ગણપતિ વિસર્જન દરમિયાન ઠેર ઠેર ટ્રાફિક જામ થઈ ગયો હતો બાપ્પાના ભકતો ગણપતિની નાચતા ગાતા વિસર્જન માટે લઈ ગયા હતાં કોઈ અઘટીત બનાવ ન બને તે માટે તમામ સુરક્ષા વ્યવસ્થાના પગલા ઉઠાવવામાં આવ્યા હતાં અને ગણેશજીની મુર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યુ હતું. ત્યારે ભક્તો દ્વારા એક દો તીન ચાર ગણપતિ કા જય જયકાર સહિતના ગગન ભેદી જય ઘોષ કરવામાં આવ્યા હતા આ તકે કેટલાક ભક્તોની આંખો ભીની થઈ ગઈ હતી.

આજે ગણેશોત્સવનો છેલ્લો દિવસ હોવાથી મોટી સંખ્યામાં વાજતે ગાજતે ગણપતિ વિસર્જન કરવામાં માટે ધામધુમ સાથે ભક્તો નીકળ્યા હતા અને ત્યારબાદ "ગણપતિ બાપા મોરીયા, અગલે બરસ તું જલ્દી આના" સહિતના જય ઘોષ કર્યા હતા. મુંબઈમાં બે વર્ષ બાદ ઉજવાયેલા ગણેશ ઉત્સવ બાદ ગણેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.આજે મહારાષ્ટ્ર સૌથી મોટા તહેવારનું સમાપન થયું હતું મોટા પાયે ભકતોની ભીડ ચોપાટીમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. લાલબાગના રાજાને પણ આજે વિદાય આપવામાં આવી હતી આ પ્રસંગે બાપ્પાના દર્શન માટે લોકોની ભીડ ઉમટી પડી હતી મહારાષ્ટ્રમાં સુરક્ષા માટે સાડા ૧૫ હજારથી વધુ સુરક્ષા કર્મચારીઓ તહેનાત કરવામાં આવ્યા હતાં.

દેશભરમાં ખાસ કરીને મહારાષ્ટ્રમાં જુદાજુદા વિસ્તારમાં નાના મોટા ગણેશોત્સવના આયોજનો કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત ઘણા લોકોએ પોતાના ઘર અને દુકાનોમાં પણ ગણેશજીના સ્થાપન કર્યા હતા અને ગણેશજીનું પૂજન અર્ચન કર્યું હતું અને આજે ઘણા લોકોની આંખ ભીની થઈ હતી અને ભારે હૈયે ગણપતિ બાપાને વિદાય આપી હતી.૩૦ ઓગષ્ટથી વિરાજમાન ગણેશજીના ૧૦ દિવસ દરમિયાન રોનક રહી હતી શહેર અને દરેક ઘરમાં ગણપતીની સ્થાપના કરવામાં આવી હતી બાપ્પાના આવ્યા બાદથી જ બાળકો હોય કે વૃધ્ધ તમામના ચહેરા પર એક અલગ પ્રકારની ખુશી નજરે પડી હતી.

હૈદરાબાદમાં ભગવાન ગણેશનું વિસર્જન કરવામાં આવ્યું હતું અહીં ભગવાનની મોટી મોટી મૂર્તિઓને વિરાજમાન કરવામાં આવી હતી આ ઉપરાંત ગુજરાતમાં પણ ૧૦ દિવસની પુજા અર્ચના કર્યા બાદ ભગવાનને વિદાય આપવામાં આવી હતી ગણપતિના ભકતો નાચતા ગાતા ગણપતિ વિસર્જનમાં જોડાયા હતાં અને ભારે હૈયે બાપ્પાને વિદાય આપી હતી.

## ઉત્તરાખંડમાં હવામાન ફરી બદલાશે, ચાર જિલ્લામાં આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદનું એલર્ટ

દહેરાદુન,
ઉત્તરાખંડમાં હવામાન ફરી બદલાશે. આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખીને નૈનીતાલ, ચંપાવત, બાગેશ્વર, પિથોરાગઢમાં યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ભારે વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખીને સરકાર, જિલ્લા વહીવટીતંત્ર તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સાથે જોડાયેલા અધિકારીઓને ૨૪ કલાક એલર્ટ રહેવા માટે કહેવામાં આવ્યું છે.

હવામાન કેન્દ્રના ડાયરેક્ટર વિક્રમ સિંહનું કહેવું છે કે નૈનીતાલ, ચંપાવત, બાગેશ્વર, પિથોરાગઢમાં ૨૪ કલાકમાં ભારે વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખીને નદીઓ, નાળાઓના કિનારે રહેતા લોકો તેમજ ભૂસ્ખલનની સંભાવના ધરાવતા વિસ્તારોના લોકોએ સાવચેત રહેવાની જરૂર છે. .

આ જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને આપત્તિ વ્યવસ્થાપનના સંદર્ભમાં ખૂબ જ સાવચેત રહેવાની જરૂર છે. આ અંગેનો રિપોર્ટ રાજ્ય સરકાર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગને મોકલવામાં આવ્યો છે.

# દેશ સળગી રહ્યો છે છતાં વડાપ્રધાન મોદી ભાઈચારાની અપીલ કેમ નથી કરી રહ્યા : ગેહલોત



દેશ સળગી રહ્યો છે, તણાવ છે, ગુસ્સો છે, હિંસા છે, મારી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હાથ જોડીને અપીલ છે કે તેઓ ભાઈચારો કાયમ કરવા માટે દેશવાસીઓને અપીલ કરે. આ વાત રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે કહી છે. મુખ્યમંત્રી અશોક ગેહલોતે કહ્યું કે, જ્યારે હૈદરાબાદમાં ભારતીય જનતા પાર્ટીની કાર્યકારિણી ચાલી રહી હતી, તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે એક અવસર હતો, તેઓ દેશવાસીઓને અરસપરસ ભાઈચારા માટે અપીલ કરી શકતા હતા, પરંતુ તેમણે એમ શા માટે ન કર્યું એ એક રહસ્ય છે.

અશોક ગેહલોત લાંબા સમયથી માગણી કરી રહ્યા છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશમાં સાંપ્રદાયિક એકતા કાયમ કરવા માટે અપીલ કરે. અશોક ગેહલોતે કહ્યું કે, એક અવસર હતો, હૈદરાબાદમાં જ્યારે અત્યારે કાર્યકારિણીની બેઠક થઈ અને બધી વાતો વડાપ્રધાન બોલ્યા, પરંતુ તેમણે અપીલ કેમ ન કરી? દેશ સળગી રહ્યો છે, લોકોની અંદર ગુસ્સો છે, હિંસા છે, એવા સમયમાં વડાપ્રધાનને આવીને અપીલ કરવી જોઈએ, આ હું હાથ જોડીને રિક્વેસ્ટ કરવા માગીશ.

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હું ફરી રિક્વેસ્ટ કરીશ કે તમને વારંવાર લોકો અપીલ જ તો કરી રહ્યા છે, અપીલ શું કરી રહ્યા છે કે તમે દેશને મેસેજ આપો. તમારા મેસેજની અસર પડશે દેશમાં, રાજ્યમાં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહેવાનું છે કે, દેશમાં શાંતિ, સદભાવ, ભાઈચારો રહે અને હિંસા હું સહન નહીં કરું. રાજસ્થાનના ઉદયપુરમાં દરજી કન્હૈયાલાલ નામના વ્યક્તિની હત્યા બાદ રાજ્યમાં માહોલ શાંત કરવા સાથે જોડાયેલા સવાલ પર મુખ્યમંત્રી અશોક ગેહલોતે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એડવાઈઝર કોણ છે, જે એડવાઈઝ આપી રહ્યા નથી કે, તમારે સમય રહેતા અપીલ કરવી જોઈએ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પહેલા અપીલ કરી હતી એક વખત જ્યારે લિંચિંગ થઈ હતી. ત્યારે તેની અસર પડી હતી. તો હવે વડાપ્રધાનને અપીલ કરવામાં શું પરેશાની થઈ રહી છે? અશોક ગેહલોતે કહ્યું કે, જો તેમની અપીલ થઈ હોત તો એવી ઘટનાઓ પણ થઈ ન હોત. એમ તેમનું માનવું છે. રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે કહ્યું કે, ઉદયપુરમાં જે ઘટના થઈ તે જઘન્ય ગુનો છે. ત્યારબાદ તેઓ તાત્કાલિક પરિવારને મળ્યા અને તેમના બંને સંતાનોને સરકારી નોકરી આપવાનો નિર્ણય લીધો.

## ૨૦૨૧ના માનવ વિકાસ સૂચકાંકમાં ભારત ૧૯૧ દેશોમાંથી ૧૩૨માં ક્રમે આવી ગયું

નવીદિલ્હી,
યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (યુએનડીપી) દ્વારા જાહેર કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર ૨૦૨૧ના માનવ વિકાસ સૂચકાંકમાં ભારત ૧૯૧ દેશોમાંથી ૧૩૨માં ક્રમે આવી ગયું છે. વર્ષ ૨૦૨૦ માટે માનવ વિકાસ સૂચકાંકમાં ભારત ૧૮૯ દેશોમાંથી ૧૩૧મા ક્રમે હતું. ભારતના કિસ્સામાં ૨૦૧૯માં એચડીઆઈ ૦.૬૪૫ હતો, જે ૨૦૨૧માં ઘટીને ૦.૬૩૩ થઈ ગયો છે, જે આયુષ્યમાં ઘટાડો (૬૯.૭ થી ૬૭.૨ વર્ષ) માટે સૂંચક હોઈ શકે છે, રિપોર્ટમાં જણાવાયું છે.

માનવ વિકાસ, એક રાષ્ટ્રના આરોગ્ય, શિક્ષણ અને સરેરાશ આવકના માપદંડ તરીકે, તેના પહેલાના પાંચ વર્ષની સરખામણીએ સતત બે વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧માં ઘટાડો થયો છે. એકલા ભારતની સ્થિતિ વૈશ્વિક સ્તરે ઘટાડા સાથે સુસંગત નથી, જે દર્શાવે છે કે ૩૨ વર્ષમાં પ્રથમ વખત વિશ્વભરમાં માનવ વિકાસ થંભી ગયો છે.

માનવ વિકાસ સૂચકાંકમાં તાજેતરના ઘટાડાનું મુખ્ય કારણ આયુષ્યમાં વૈશ્વિક ઘટાડો છે, જે ૨૦૧૯માં ૭૨.૮ વર્ષથી ઘટીને ૨૦૨૧માં ૭૧.૪ વર્ષ થઈ ગયો છે, એમ અહેવાલમાં જણાવાયું છે.ઁદ્ગઁ એડમિનિસ્ટ્રેટર અચિમ સ્ટીનરે જણાવ્યું હતું કે, "અનિશ્ચિતતાથી ભરેલી દુનિયામાં, આપણને સામાન્ય પડકારોનો સામનો કરવા માટે પરસ્પર વૈશ્વિક એકતાની નવી ભાવનાની જરૂર છે." સ્ટીનરે જણાવ્યું હતું કે એકબીજા સાથે જોડાયેલા અંતર્ગત કટોકટીએ વિશ્વના મોટાભાગના ભાગોની જેમ ભારતના વિકાસના માર્ગને અસર કરી છે.

હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ એ જીવન આયુ, શિક્ષણ અને આવક સૂચઆંકોનું એક સંયુક્ત આંકડાકીય સૂચકાંક છે. આ પદ્ધતિ અર્થશાસ્ત્રી મહબબ-ઉલ-હક દ્વારા ઘડવામાં આવી હતી. ૧૯૯૦ માં પ્રથમ માનવ વિકાસ સૂચકાંક બહાર પાડવામાં આવ્યો હતો. ત્યારથી દર વર્ષે સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (યુએનડીપી) દ્વારા આને પ્રકાશિત કરવામાં આવે છે.

## લુણાવાડા નગર સેવા સદન
## બીજો પ્રયત્ન ઈ-નિવિદા નં.૧૪૩૮ સને-૨૦૨૨-૨૩

આઈ.ડી.નં.૫૪૭૭૪૬

ચીફ ઓફિસરશ્રી, નગર સેવા સદન, લુણાવાડા ૩૮૯૨૩૦, ફોન નં.૦૨૬૭૪ ૨૫૦૦૦૬ દ્વારા ૧૪ મા નાણાંપંચની સને.૨૦૧૮–૧૯ ની ગ્રાન્ટમાંથી કરવાના કામો માટે ઈ–ટેન્ડરીંગ પદ્ધતિથી ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે. (૧) કામનું નામ–લુણાવાડા નગરપાલિકા વિસ્તારમાં વોટર વર્કસ ખાતે ૧૫૦ એચ.પી.ના એસ.સી.એફ.પંપ સેટ નંગ–૨ નું કામની અંદાજીત કિંમત રૂ.૪૫.૪૭ લાખ (૨) એજન્સીની પાત્રતા–ઠેકેદારશ્રીઓનું રજીસ્ટ્રેશન યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ હોવું જોઇએ. તથા ટેન્ડર ડોકયુમેન્ટમાં રાખેલ જોગવાઇ મુજબ (૩) ઓનલાઇન ટેન્ડર ટેકનીકલ બીડ ભરવાની છેલ્લી તારીખ ૧૭/૦૯/૨૦૨૨ (૧૮.૦૦ કલાક સુધી) (૫) ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ટેન્ડરમાં દર્શાવેલ શરતો મુજબના દસ્તાવેજો (ટેકનીકલ બીડ મુજબનું ફીઝીકલ બીડ) રજુ કરવાનો સમયગાળો તારીખ–૧૭/૦૯/૨૦૨૨ થી તારીખ ૨૨/૦૯/૨૦૨૨ દરમ્યાન રજીસ્ટર પોસ્ટ એડી/સ્પીડપોસ્ટથી મોકલવાની રહેશે. (૬) બાનાની રકમ માટે બાના મુકિત પ્રમાણપત્ર સ્વિકારવામાં આવશે નહી. વધુ વિગતો http//nprocure.com વેબસાઇટ પરથી મેળવી શકાશે. ઓનલાઇન ટેન્ડરમાં તેમજ જાહેરાતમાં જણાવેલ દસ્તાવેજો ઓનલાઇન ટેકનીકલ બીડમાં મુકવાના રહેશે તેમજ તે તમામ દસ્તાવેજો ફીઝીકલ બીડ સાથે રજીસ્ટર પોસ્ટ એડીથી સમયમર્યાદામાં મોકલવાના રહેશે અને ઓનલાઇન સ્કેન કરી મુકેલ દસ્તાવેજો જ માન્ય ગણાશે અને તે મુજબના દસ્તાવેજો ફીઝીકલ બીડમાં મુકેલ હશે તે જ માન્ય રહેશે. ટેન્ડરને મંજુર કે ના મંજુર કરવાની સત્તા સક્ષમ અધિકારીશ્રી પાસે અબાદીત રાખેલ છે.

(દુષ્યંત એમ. પંડ્યા)
મુખ્ય અધિકારી
નગરપાલિકા લુણાવાડા

(ભાવનાબેન જે. મહેતા)
પ્રમુખ
નગરપાલિકા લુણાવાડા

માહિતી/ગોધરા/૫૦૩/૨૦૨૨

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
એમ. કે. જાદવ
તરફથી અભીનંદન....
મુ. વાવની મુવાડી,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ડી. જે. બારીયા
તરફથી અભીનંદન....
મુ. શામળકુવા,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

# સંતરામપુર નગરમાં દશમાં દિવસે શ્રીજીની સ્થાપિત મૂર્તિઓનું વિર્સજન કરાયું


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર શાંતિપૂર્વક માહોલમાં શ્રીજીની ભાવભાવ વિદાય સંતરામપુર નગરમાં ગણેશ મંડળો દ્વારા નગરના અલગ અલગ વિસ્તારોમાં શ્રીજીની સ્થાપના કરવામાં આવેલી હતી. આજરોજ ગણેશ મંડળ દ્વારા ભોઈવાડા વિસ્તારમાં તમામ મંડળોના શ્રીજીની વિદાય માટે ભોઈવાડા વિસ્તાર માંથી શરૂઆત કરવામાં આવેલી હતી. બાપા મોરિયા અગલે બર જલ્દી આવના નારા સાથે આજરોજ ભાવિ ભકતોએ ઉલ્લાસભેર શ્રીજીને ભાવભાવ વિદાય આપી હતી. જેમાં હુસેની ચોક, પીપળી ફળિયા, ચાચર ચોક, મોટા બજાર, નવા બજાર, ગોધરા ભાગોળ, બસ સ્ટેન્ડ ચોકડી, લુણાવાડા રોડ થઈ સંત જુના તલાવે તમામ શ્રીજીનું વિસર્જન કરાયું. પોલીસના ચુસ્ત બંદોબાસ ગોઠવવામાં આવેલો હતો. આ વખતે ગણેશ મંડળો દ્વારા રૂટ વધારીને જુના તળાવ સંતમાં વિસર્જન કરાયું. ટેકરી કા રાજા મંડળ દ્વારા એક જ પ્રકારના પહેરવેશ પહેરીને અનોખો પહેલ જોવા મળ્યો હતો.

# મને ગમતી શાળા નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળામાં ગણપતિ વિસર્જન કાર્યક્રમ યોજાયો



સંતરામપુર,
મહીસાગર જિલ્લાની સંતરામપુર તાલુકાની પાદરી ફળિયા પગાર કેન્દ્રની નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળામાં ગણપતિ વિસર્જનનો કાર્યક્રમ આજે સંપન્ન કરવામાં આવ્યો. શાળામાં બાળકોની સેવા, આરતી અને પ્રસાદનો અંગીકાર કરતા ગણપતિદાદાની સ્થાપના આજથી દસ દિવસ પહેલા વાજતે ગાજતે કરવામાં આવી હતી. દસેય દિવસ ગણપતિદાદાની ખુબ જ ભાવથી બાળકો અને શાળા પરિવાર અને શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા સેવા, પૂજા અને જાત જાતના અને ભાત ભાતના થાળ કરવામાં આવ્યા.

દસેય દિવસ શાળાનું વાતાવરણ ગણપતિ બાપ્પા, મોરિયાના નાદથી ગુંજી ઉઠ્યું. શાળાના શિક્ષકો દ્વારા દરરોજ ગણપતિદાદાને લાગતી વાર્તાઓ બાળકોને કહેવામાં આવી અને આજે અનંત ચૌદશના દિવસે મહાથાળ અને ૧૧ મહાઆરતી ગામના ઉત્સાહી સરપંચ રમેશભાઈ સંગાડા અને સમગ્ર સ્ટાફમિત્રો અને અને બાળકો દ્વારા કરવામાં આવી. અને ત્યારબાદ "અગલે બરસ તુ, જલ્દી આ" એ નાદથી દાદાને ભાવભીની વિદાય આપી અને નજીકમાં તળાવમાં વિસર્જન કરવામાં આવ્યું. શાળામાં તમામ બાળકોએ મહાપ્રસાદ લઈ ધન્યતાનો અનુભવ કર્યો.

# ઔદ્યોગિક તાલીમ સંસ્થા દાહોદ ખાતે સોમવારે જીલ્લા કક્ષાનો પ્રધાનમંત્રી એપ્રેન્ટીસશીપ ભરતી મેળો યોજાશે

દાહોદ,
ઔદ્યોગિક તાલીમ સંસ્થા દાહોદ ખાતે આગામી તા.૧૨ સપ્ટેમ્બર, સોમવારે સવારે ૦૯:૦૦ કલાકેથી જીલ્લા કક્ષાનો એપ્રેન્ટીસશીપ ભરતી મેળો યોજાશે. જેમાં જીલ્લાના વિવિધ એકમો તેઓની એપ્રેન્ટીસશીપ વેકેન્સી સાથે હાજર રહેશે.

આ ભરતી મેળામાં આઈ.ટી.આઈ. ફિટર, ટર્નર, મીકે. ડિઝલ, મીકે. મોટર વ્હીકલ, વેલ્ડર, ઈલેક્ટ્રીશીયન, વાયરમેન, કોપા, ટ્રેડના પાસ આઉટ તાલીમાર્થીઓં તેમજ બી.ફાર્મ (પુરૂષ), એમએચએ, કોઈપણ સ્નાતક બેઝીક કોમ્પ્યુટરની જાણકારી સાથે ઈચ્છુક ઉમેદવારોએ તેઓંના શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો અસલ તેમજ પ્રમાણિત નકલ, આધારકાર્ડ અને પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે નીચે જણાવેલ સ્થળ અને સમય પર રૂબરૂ ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ ઉમેદવારોએ પોતાનું રજીસ્ટ્રેશન ડીજીટીની વેબસાઈટ https://dgt.gov.in/appmela2022/ પર જઈને કરાવવાનું રહેશે.

ભારત સરકારે નેશનલ એપ્રેન્ટીસશીપ મેળા ૨૦૨૨ અંતર્ગત સમગ્ર દેશમાં આગામી તા.૧૨ સપ્ટેમ્બરના રોજ એપ્રેન્ટીસશીપ ભરતી મેળા યોજાશે. જેના ભાગરૂપે અહીં દાહોદ ખાતે પણ ભરતી મેળાનું આયોજન દાહોદની ઔદ્યોગિક તાલીમ સંસ્થાએ કર્યું છે.

# વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન અમદાવાદ પહોંચી હતી અને ટ્રાયલ લેવાયું હતું



અમદાવાદ,
દેશની ત્રીજી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડશે. ત્યારે આજે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન અમદાવાદ પહોંચી હતી અને ટ્રાયલ લેવાયું હતું. સંભવાના વ્યક્ત કરવામાં આવી રહી છે કે દિવાળી પહેલાં આ ટ્રેન શરૂ થઇ જશે. ગુજરાતમાં આ પ્રકારની પ્રથમ ટ્રેન હશે. અમદાવાદ-દિલ્હીની વચ્ચે દેશની પ્રથમ બુલેટ ટ્રેનના ટ્રેકનું નિર્માણ કાર્ય પુરૂ થતાં પહેલાં કવચ ટેક્નોલોજીવાળી વંદે ભારત ટ્રેન અમદાવાદ-મુંબઈ વચ્ચે અઠવાડિયામાં ૬ દિવસ દોડશે.

આ ટ્રેનમાં કમ્ફર્ટ સીટ્સ સાથે વિશાળ વિન્ડો,સીસીટીવી વેક્યુમ આધારિત ટોયલેટ, સ્લાઈડિંગ ડોર જેવી આધુનિક સુવિધાઓનો લાભ મળશે. સેમી હાઈ સ્પીડ ટ્રેનની ૧૮૦ દ્વ પ્રતિ કલાકે દોડવાની ક્ષમતા ધરાવે છે. હાલ જ્યાં અમદાવાદથી મુંબઈ ૮-૯ કલાક લાગે છે ત્યાં વંદે ભારત ટ્રેનથી ૬ કલાકમાં મુંબઈ પહોંચી શકાશે. અત્યાર સુધી ભારતમાં આવી બે ટ્રેન શરુ કરવામાં આવી છે. જોકે નવરાત્રી સુધીમાં ટ્રેન શરુ થવાની શક્યતા છે.

ટ્રેનમાં મુસાફરોની ક્ષમતાના અનુરૂપ જ કેટલીક સીટો પ્રા કર્મચારી બેસશે અને બાકી ઈટો પર ભાર (લોડ) રાખીને સંચાલનના પ્રસ્તાવિત સમય અનુરૂપ ટ્રાયલ કરવામાં આવશે. અઠવાડિયામાં છ દિવસ ૭.૨૫ વાગે રવાના થશે સવારે ૧૦.૧૭ વાગે સુરત ત્યાંથી સવારે ૧૦.૨૦ વાગે રવાના થઈને ટ્રેન બપોરે ૧.૩૦ વગે મુંબઈ સેટ્રલ પહોંચશે. રિટર્નમાં મુંબઈ સેટ્રલથી શનિવારને છોડીને અઠવાડિયામાં છ દિવસ બપોરે ૨.૪૦ રવાના થઈને સાંજે ૫.૫૩ વાગે સુરત ત્યાંથી સાંજે ૫.૫૬ વાગે રવાના થઈને ટ્રેન રાત્રે ૯.૦૫ વાગે અમદાવાદ પહોંચશે. સુરક્ષાની નવી ટેક્નોલોજીથી સજ્જ પહેલી વંદે ભારત ટ્રેનને ૧૨ ઓગસ્ટના રોજ ચેન્નઈમાં આઈસીએફથી પાડી સુધી 'કવચ ટેસ્ટ' પાસ કરી લીધો છે. વંદે ભારત દેશની પ્રથમ એવી ટ્રેન છે જેમાં કવચ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. કવચ ટેક્નોલોજી એક એવી ટેક્નોલોજી છે જે ટ્રેનોને પરસ્પર ટકરાતા બચાવે છે. એક પાટા પર બે ટ્રેનો સામ-સામે આવતાં કવચ ટેક્નોલોજીની મદદથી ટ્રેન ૩૮૦ મીટર પહેલાં જ અટકાવી દેવામાં આવશે. આ ટ્રેનમાં ઓટોમેટિક દરવાજા ખુલશે, ઈમરજન્સી લાઈટો, ઓપરેટ માટે ડ્રાઈવરના કેબિનમાં લોકો પાયલોટને આરામદાયક જગ્યા, મુસાફરો માટે બાયો વેક્યુમ ટોયલેટ, દિવ્યાંગોને બેસવા અનુકૂળ ખુરશીઓ, દરેક સીટ પર લાઈટ, જીપીએસ આધારિય ઓડિયો વિજ્યુઅલ એનાઉન્સમેન્ટ સિસ્ટમ, મનોરંજન માટે હોટ સ્પોટ વાઈફાઈ, આરામદાયક સીટો, એક્ઝુકેટિવ શ્રેણીમાં રોટેટિંગ ખુરશીઓ, દરેક કોચમાં ઘણા પ્રકારનો ગરમ ખોરાક, ઠંડા તથા ગરમ પીણા, પ્લેટફોર્મ સાઈડ કેમેરા અને રિયર વ્યૂ કેમેરાની સુવિધા મળશે.

# વડોદરામાં ગણેશ વિસર્જનની સવારીમાં ડીજેમાં ડાન્સ બાબતે મારામારી

વડોદરા,
વડોદરા સહિત સમગ્ર રાજ્યમાં ગણેશ વિસર્જન થયું હતું ત્યારે શહેર પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કુત્રિમ વિસર્જન કુંડ બનાવી ગણેશ વિસર્જન માટેનું આગોતરું આયોજન કર્યું હતું અને ગણેશ વિસર્જન દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની પોલીસ પુરતી તકેદારી રાખી હોવા છતાં વડોદરાના માણેજામાં મોડી રાત્રે નિકળેલી ગણેશ વિસર્જનની સવારીમાં છુટ્ટા હાથની મારામારીની ઘટના પ્રકાશમાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરાના માણેજા ગામમાં રાત્રે ગણેશ વિસર્જનની સવારી નિકાળવામાં આવી હતી. જેમાં ડીજેમાં ડાન્સર કરવા બાબતે છુટ્ટા હાથની મારામારીનો બનાવ બન્યો હતો. વિસર્જનની સવારી દરમિયાન ત્રણ માથાભારે શખ્સો ડીજેમાં ડાન્સ કરવા ઘૂસી ગયા હતા અને ડીજે ડાન્સ કરતી વખતે મંડળના યુવકો સાથે મારામારી કરી હતી. આ ઉપરાંત સંચાલકને મારવા પણ દોડ્યા હતા. વિસર્જન દરમિયના માથાભારે શખ્સોએ ભારે આતંક મચાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ડી.જે સંચાલકોને ડી.જે નો અવાજ ઓછો રાખવા, રાત્રે ૧૦ વાગ્યા પછી ડી.જે બંધ રાખવા, લેઝર લાઈટનો ઉપયોગ નહીં કરવા તેમજ નોઈસ પોલ્યુશન અંગે નામદાર સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈનનું ચુસ્ત પણે પાલન કરવા સમજ આપી બાંહેધરી પત્ર લેવામાં આવ્યા છે. સાથે શ્રીજીની પ્રતિમાઓનું શાંતિ પૂર્વક વિસર્જન થાય અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે દિશામાં જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા.

# દેશની ખાદ્ય સુરક્ષાને ધ્યાનમાં રાખીને ટુકડા ચોખાની નિકાસ પર પ્રતિબંધ

નવીદિલ્હી,
ચોખાનું વાવેતર ઓછું થતા સરકારે ખાદ્ય સુરક્ષાને ધ્યાને રાખીને ટુકડા નવી દિલ્હી: બ્રોકન રાઈસ એટલે ટુકડા ચોખાને લઈને કેન્દ્ર સરકારે મોટો નિર્ણય લીધો છે. ભારતે આજ થી બ્રોકન રાઈસ એટલે ટુકડા ચોખાની નિકાસ પર પ્રતિબંધ લગાવ્યો છે. વિદેશ વેપારના મહાનિર્દેશક સંતોષ કુમાર સારંગી દ્વારા જાહેર કરવામાં આવેલી નોટિફિકેશનમાં આ વાતની જાણકારી આપવામાં આવી છે. નોટિફિકેશનામાં બતાવવામાં આવ્યુ છે કે, ૯ સપ્ટેમ્બર ૨૦૨૨થી બ્રોકન રાઈસ એટલે ટુકડા ચોખા પર પ્રતિબંધ લાગૂ થઈ ગયો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર, દેશનાં કેટલાય વિસ્તારોમાં ઓછા વરસાદના કારણે આ વર્ષે ચોખાનું ઉત્પાદન પ્રભાવિત થઈ શકે છે. આ સ્થિતિને અનુસરીને ભારતમાં હવે ખાદ્ય સુરક્ષાની રક્ષા માટે ઘઉં અને ખાંડ પછી બ્રોકન રાઈસ એટલે ટુકડા ચોખાની નિકાસ પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. કૃષિ મંત્રાલયના અનુસાર, દુનિયાના ચોખાના બીજા સૌથી મોટા ઉત્પાદક દક્ષિણ એશિયાઈ દેશ ભારતમાં ચોખાના કુલ વાવેતરનો વિસ્તાર આ સિઝનમાં હજુ સુધી ૧૨ ટકા જેટલો ઘટ્યો છે.

ભારતનો વૈશ્વિક ચોખાના વ્યાપારમાં લગભગ ૪૦ ટકા જેટલો ભાગ છે. ભારતે આ વર્ષે મે મહીનામાં ઘઉંના શિપમેન્ટ પર એ કહીને પ્રતિબંધ લગાવી દીધો હતો કે દેશની ખાદ્ય સુરક્ષા જોખમમાં છે. કેમ કે, કેટલાય રાજ્યોમાં રેકોર્ડ બ્રેક ગરમીના કારણે ઘઉંના ઉત્પાદનમાં ઘટાડો થયો હતો. ભારતે પોતાના ખાદ્ય પુરવઠાની સુરક્ષા માટે ખાંડની નિકાસ પર પણ રોક લગાવી દીધી હતી.

કૃષિ મંત્રાલયે કહ્યું કે, ૧૨ ઓગસ્ટ સુધીમાં ડાંગરનો વાવેતર વિસ્તાર ઘટીને ૩૦.૯૮ હેક્ટર જ રહ્યો છે, જે એક વર્ષ પહેલા ૩૫.૩૬ હેક્ટર હતો. જો કે, શેરડી માટે ફાળવેલ વિસ્તાર ૫.૪૫ મિલિયનથી વધીને ૫.૫૨ મિલિયન હેક્ટર થયો છે. જાણકારી અનુસાર, ભારતમાંથી થતી ચોખાની કુલ નિકાસમાં લગભગ ૨૦ ટકા જેટલો હિસ્સો ટુકડા ચોખાનો છે અને દુનિયાના કુલ ચોખાના વ્યાપારમાં ભારતની હિસ્સેદારી ૪૦ ટકા છે.

# અરવિંદ કેજરીવાલ ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરે અમદાવાદ આવશે

અમદાવાદ,
વિધાનસભા ચૂંટણીઓને આડે હવે ગણતરીના મહિનાઓ જ બાકી છે ત્યારે તમામ રાજકીય પક્ષોના નેતાઓના ગુજરાતના આંટાફેરા વધ્યા છે. હવે સમાચાર મળી રહ્યા છે કે મિશન ૨૦૨૨ માટે અરવિંદ કેજરીવાલ ફરી ગુજરાતના પ્રવાસે આવશે. કેજરીવાલ ૨ દિવસના ગુજરાત પ્રવાસે આવશે. અરવિંદ કેજરીવાલ ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરે અમદાવાદ આવશે. હવે એવું કહેવાઈ રહ્યું છે કે કેજરીવાલ ફરી નવી ગેરેન્ટીઓની જાહેરાત કરી શકે છે.

મહત્વનું છે કે, આમ આદમી પાર્ટીઓના નેતાઓ ધડાધડ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ વખતે ચૂંટણીમાં દ્વીપક્ષીય નહીં પરંતુ ત્રીપાંખિયો જંગ જોવા મળશે. જેને લઈને અરવિંદ કેજરીવાલ અને આપના નેતાઓના ગુજરાતમાં આંટાફેરા વધ્યા છે. અત્યાર સુધી કેજરીવાલે ગુજરાતમાં આવીને મતદારોને લુભાવવા માટે ફ્રી વીજળી, બેરોજગારી ભથ્થુ, ગ્રેડ પે સહિતના મુદ્દાઓને લઈને વચનોની લ્હાણી કરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કેજરીવાલ, યુવાનો, મહિલાઓ, આદિવાસીઓ અને વેપારીઓને વિવિધ ગેરંટી આપી ચુકેલા કેજરીવાલે તેમની ગત ગુજરાત મુલાકાત વખતે ખેડૂતો માટે જાહેરાત કરી હતી.

# પિતૃપક્ષમા શું કરવાથી સઘળા મનોરથ પૂરા થશે અને પિતૃના આર્શીવાદ મળે?

### પિતૃ પક્ષના સમય દરમિયાન, તમામ પૂર્વજો પૃથ્વી પર રહે છે અને તેઓ તેમના બાળકો માટે શ્રાદ્ધ, તર્પણ અથવા પિંડ દાનની અપેક્ષા રાખે છે.



પિતૃ પક્ષ ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૨થી શરૂ થઈ રહ્યો છે. તેમજ ૨૫ સપ્ટેમ્બરે શ્રાદ્ધપક્ષ પૂર્ણ થશે અને નવરાત્રીનો પ્રારંભ થશે. શ્રાદ્ધ પક્ષ પિતૃઓને યાદ કરવાનો દિવસ છે. જો પિતૃઓને યોગ્ય પદ્ધતિથી તર્પણ અર્પણ કરવામાં આવે, તેમનું સ્મરણ કરવામાં આવે, તેમની પૂજા કરવામાં આવે અને દાન કરવામાં આવે તો પિતૃઓ પ્રસન્ન થાય છે અને તેમને આશીર્વાદ આપે છે. પિતૃ પક્ષના સમય દરમિયાન, તમામ પૂર્વજો પૃથ્વી પર રહે છે અને તેઓ તેમના બાળકો માટે શ્રાદ્ધ, તર્પણ અથવા પિંડ દાનની અપેક્ષા રાખે છે. આવી સ્થિતિમાં કેટલાક એવા કાર્યો છે જે દરેક વ્યક્તિએ પિતૃ પક્ષ દરમિયાન કરવા જોઈએ.

આ વખતે પિતૃપક્ષ ૧૦-સપ્ટેમ્બર થી ૨૫-ઓકટોબર-૨૦૨૨ સુધીનો છે.

પિતૃઓના આર્શીવાદથી ધારેલાં કાર્ય પૂર્ણ થાય છે.

પિતૃ તમારી ઉપર રાજી થાય તો તમને ખૂબ જ આગળ લઈ જાય છે ને જો દુઃખી હોય તો તમને ખૂબ જ પાછળ ધકેલી મૂકે છે.

પિતૃઓના આર્શીવાદ લેવા શ્રાધ્ધ પક્ષ દરમ્યાન આટલું અવશ્ય કરવું.

પીત્રાય નમઃ' મંત્ર બોલી દરરોજ પીપળે પાણી ચઢાવવું.

ગાયને ઘાસચારો ખવડાવવો અને સર્વ પિતૃઓને મળે એમ બોલવું.

શ્રાધ્ધ પક્ષ દરમ્યાન બને તેટલું ચા-પાણી ગરીબ લોકોને કરાવવું અને સર્વ પિતૃઓને મળે એમ બોલવું.

દરરોજ ગાય – કુતરા અને કાગડાને દૂધ – રોટલી કે ખીર ખવડાવવી.

દરરોજ કાગડાને ગાંઠિયા ખવડાવવા.

જે – તે દિવસે પિતૃનું શ્રાધ હોય તે દિવસે બ્રહ્મ ભોજન કરાવું અને યથાશક્તિ દાન પણ આપવું.

જો તમને તમારા પિતૃનું શ્રાધ ખબર ન હોય તો અમાસનો દિવસ એટલે કે ૧૦-ઓકટોબરને 'સર્વ પિતૃ શ્રાધ 'તરીકે ઓળખાય છે.


આ દિવસે બને એટલું પિતૃ પાછળ દાન – પુણ્ય કરવું અને બ્રાહ્મણોને જમાડવા અને યથાશક્તિ દાન આપવું..

દરરોજ પિતૃને પ્રકાશનું દાન કરવું. એટલે કે પારપાણી દિવી કરવી, તેલની વાટની અને સર્વ પિતૃને મળે એમ બોલવું.

આ પ્રમાણે કરવાથી પિતૃના આર્શીવાદ મળે છે અને જીવનમાં પ્રગતિ થાય છે.

## અમેરિકાની ભારત સાથે દગાબાજી

# આતંકવાદી જોખમોનો સામનો કરવા માટે અમેરિકા પાકિસ્તાનને ૪૫૦ મિલિયન ડોલરનું પેકેજ આપશે



નવીદિલ્હી,
ભારતમાં અવારનવાર સવાલો ઉભા થયા છે કે અમેરિકા પર ભરોસો કરવો જોઈએ અને વિદેશ મામલાના સૌથી મોટા નિષ્ણાતો કે સંરક્ષણ નિષ્ણાતો આ પ્રશ્ન પર પહેલા મૌન છે અને પછી કહે છે કે ના, અમેરિકા પર આંધળો વિશ્વાસ ના કરો. ફરી એકવાર આ સવાલો ઉઠી રહ્યા છે, કારણ કે અમેરિકાએ પાકિસ્તાનને હથિયારો માટે જંગી પેકેજની જાહેરાત કરી છે. એટલે કે અમેરિકાએ એક વખત પાકિસ્તાનને મેગા પેકેજ આપવાની જાહેરાત કરી છે, જેના આધારે અમેરિકી ડૉલર પાકિસ્તાન સામે આતંકવાદને સમર્થન આપતા રહ્યા. પરંતુ, સૌથી આશ્ચર્યની વાત એ છે કે અત્યાર સુધી મોદી સરકારે અમેરિકાના આ નિર્ણય અંગે મૌન સેવ્યું છે.

બિડેન વહીવટીતંત્રે જાહેરાત કરી છે કે તે તેના એફ-૧૬ ફાઈટર જેટ કાફલાની જાળવણી સહિત આતંકવાદી જોખમોનો સામનો કરવા માટે પાકિસ્તાનને ૪૫૦ મિલિયન ડોલરનું પેકેજ આપશે. એટલે કે અમેરિકાએ આતંકવાદી ખતરાનો સામનો કરવા માટે પાકિસ્તાનને આ મેગા પેકેજ આપવાની જાહેરાત કરી છે, જ્યારે પાકિસ્તાન પોતે આતંકવાદીઓનો પિતૃ દેશ છે. એટલે કે એક રીતે જોવામાં આવે તો અમેરિકાએ ભારત સાથે એ જ રમત રમી છે જે ૭૦થી ૯૦ના દાયકામાં ભારત સાથે રમતી હતી અને પાકિસ્તાન પર અબજો ડોલરનો વરસાદ વરસાવ્યો હતો, જે પાકિસ્તાન ભારત સાથે રમતું હતું. જો કે, ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે પાકિસ્તાનનું નાક દબાવ્યું હતું અને ૨૦૧૮ માં અફઘાન તાલિબાન અને હક્કાની નેટવર્ક આતંકવાદી જૂથો પર કાર્યવાહી કરવામાં અને દેશમાં તેમના સુરક્ષિત આશ્રયસ્થાનોને નાબૂદ કરવામાં નિષ્ફળતા બદલ ઈસ્લામાબાદને લગભગ ૨ અબજ યુએસ ડોલરની સુરક્ષા સહાય સસ્પેંડ કરી હતી. સ્થગિત, પરંતુ બિડેન વહીવટીતંત્રે ૪૫૦ મિલિયન ડોલરના પેકેજને મંજૂરી આપી છે.

પાકિસ્તાન' યુએસ કોંગ્રેસે યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટ વતી એક નોટિફિકેશન બહાર પાડ્યું હતું કે યુએસ સરકારે ૪૫૦ મિલિયન યુએસ ડોલરના અંદાજિત ખર્ચે એફ-૧૬ ફાઈટર જેટની જાળવણી અને સંબંધિત સાધનોના સમારકામ માટે સંભવિત વિદેશી રોકાણ માટે સંમતિ આપી છે. અમેરિકા દ્વારા એવી દલીલ કરવામાં આવી છે કે, આ સંરક્ષણ પેકેજથી ઈસ્લામાબાદ આતંકવાદ સામે લડવાની પોતાની ક્ષમતા જાળવી રાખશે અને વર્તમાન અને ભવિષ્યના આતંકવાદ વિરોધી ખતરા સામે લડવા માટે તેના એફ-૧૬ કાફલાને જાળવી રાખશે. તમને તાકાત મળશે. સંરક્ષણ સુરક્ષા સહકાર એજન્સીએ કોંગ્રેસને આ સંભવિત વેચાણની માહિતી આપતાં જરૂરી પ્રમાણપત્ર આપ્યું હતું.

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "યુનાઈટેડ સ્ટેટ્સ સરકારે પાકિસ્તાન એરફોર્સના એફ-૧૬ પ્રોગ્રામને જાળવવા માટેના પ્રસ્તાવિત સોદા અંગે સૂચના જારી કરી છે, જે યુએસ વિદેશી સૈન્ય વેચાણ કાર્યક્રમનો એક ભાગ છે, કારણ કે પાકિસ્તાન એક મહત્વપૂર્ણ પ્રતિકૂળ છે. અમેરિકા માટે આતંકવાદ ભાગીદાર છે, અને લાંબા સમયથી, યુનાઈટેડ સ્ટેટ્સ પાકિસ્તાનને પેકેજો આપી રહ્યું છે જેથી તે આતંકવાદ સામે લડી શકે. "પાકિસ્તાનનો એફ-૧૬ કાર્યક્રમ વ્યાપક યુનાઈટેડ સ્ટેટ્સ-પાકિસ્તાન દ્વિપક્ષીય સંબંધોનો એક મહત્વપૂર્ણ ભાગ છે," નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ તેના એફ-૧૬ કાફલાને જાળવી રાખીને વર્તમાન અને ભાવિ આતંકવાદ વિરોધી જોખમોને પહોંચી વળવાની પાકિસ્તાનની ક્ષમતાને જાળવી રાખશે. એફ-૧૬ કાફલો પાકિસ્તાનને આતંકવાદ વિરોધી કામગીરી કરવામાં મદદ કરે છે અને અમે અપેક્ષા રાખીએ છીએ કે પાકિસ્તાન તમામ આતંકવાદી જૂથો સામે સતત કાર્યવાહી કરે."

યુએસ કોંગ્રેસના નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકા દ્વારા જારી કરાયેલા પેકેજમાં હથિયારોની સામગ્રીમાં નવી ક્ષમતા વધારવાનો કે યુદ્ધ સામગ્રીની ખરીદીનો સમાવેશ થતો નથી. ૪૫૦ મિલિયન ડોલરના આ પેકેજ દ્વારા, પાકિસ્તાન એફ-૧૬ એરક્રાફટમાં સ્ટ્રક્ચરલ ઈન્ટિગ્રિટી પ્રોગ્રામ, ઈલેક્ટ્રોનિક કોમ્બેટ ઈન્ટરનેશનલ સિક્યુરિટી આસિસ્ટન્સ પ્રોગ્રામ, ઈન્ટરનેશનલ એન્જિન મેનેજમેન્ટ પ્રોગ્રામ, એન્જિન કમ્પોનન્ટ ઈમ્પ્રૂવમેન્ટ પ્રોગ્રામ અને અન્ય ટેક્નોલોજીકલ પ્રોગ્રામ્સ ઉમેરી શકે છે. આ ઉપરાંત, એરક્રાફટ હાર્ડવેરમાં ફેરફાર, અપગ્રેડ, સોફ્ટવેરમાં ફેરફાર અને એન્જિન રિપેરનો પણ સમાવેશ થાય છે.

અમેરિકાના આ પેકેજથી સ્પષ્ટ છે કે, અમેરિકાએ ફરી એકવાર પાકિસ્તાનને સૈન્ય મદદ આપવાનું શરૂ કરી દીધું છે, જે ભારત માટે મોટો ફટકો છે. દેખીતી રીતે, પાકિસ્તાન આ ડૉલરનો ઉપયોગ ભારત વિરુદ્ધ કરશે, જેમ કે તે પહેલા કરતું આવ્યું છે અને આ અમેરિકાનો મોટો દંભ છે. તે જ સમયે, ભારતે હજુ સુધી અમેરિકાના આ નિર્ણય પર કોઈ નિવેદન આપ્યું નથી. તે જ સમયે, ધ હિન્દુએ અહેવાલ આપ્યો કે, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટની જાહેરાત ૭ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ દક્ષિણ અને મધ્ય એશિયાના બાબતોના સહાયક સચિવ ડોનાલ્ડ લુ સહિત વરિષ્ઠ ભારતીય અને યુએસ અધિકારીઓ વચ્ચેની વાતચીતની પૃષ્ઠભૂમિમાં આવી છે. ભારતના ભારે વાંધાઓ હોવા છતાં, પાકિસ્તાનને પ્રથમ વખત ૧૯૮૦ના દાયકામાં રોનાલ્ડ રીગન પ્રશાસન તરફથી એફ-૧૬ વિમાનનું પેકેજ આપવામાં આવ્યું હતું અને આ તે સમય હતો જ્યારે પાકિસ્તાન અમેરિકાનું વ્યૂહાત્મક ભાગીદાર હતું અને અમેરિકા માનવા તૈયાર નહોતું કે પાકિસ્તાન ભારતમાં આતંકવાદી ગતિવિધિઓ કરે છે તે માટે સંપૂર્ણપણે તૈયાર છે. જો કે, ભારતીય વિદેશ મંત્રાલયે હજુ સુધી સ્પષ્ટ કર્યું નથી કે ડોનાલ્ડ લુ અને તેમની ટીમે બિડેન વહીવટીતંત્રના આ નિર્ણય વિશે ભારતને જાણ કરી હતી કે નહીં. કારણ કે, અમેરિકા તરફથી આ વિશાળ પેકેજ મળ્યા બાદ પાકિસ્તાની વાયુસેના વધુ ઘાતક બની જશે, જે પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ તરફથી ભારત માટે સૌથી મોટો પડકાર છે. એટલે કે, અમેરિકાના આ નિર્ણયને એ દૃષ્ટિકોણથી પણ જોઈ શકાય છે કે, બિડેન વહીવટીતંત્રે પાકિસ્તાની વાયુસેનાની શક્તિને ઘણી મજબૂત કરી છે, જે ભારતને સીધો ખતરો છે

# આપની આજ.......

મેષ : રોજગાર માટે પ્રયત્નો કરનારા લોકો માટે સારા સમાચાર મળશે અને તમારા સામાજિક વર્તુળનો વિકાસ થશે. વિદ્યાર્થીઓ માટે સમય અનુકૂળ બનશે. કોઈ મિલકતની ખરીદી અને વેચાણ સમયે તેના તમામ કાયદાકીય પાસાઓને ધ્યાનમાં લો.

વૃષભ : આજે વેપારના ક્ષેત્રમાં સાનુકૂળ લાભ મળતા આનંદ થશે. આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનશે. ધંધાના વિસ્તરણ માટેની યોજના બનાવશો. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા અને પારિવારિક જવાબદારીઓ પૂર્ણ થશે.

મિથુન : વિવાહિત જીવન આનંદપ્રદ રહેશે. આજે નજીક અને દૂર પણ સકારાત્મક પ્રવાસ થઈ શકે છે. પારિવારિક બિઝનેસમાં વધતી પ્રગતિના કારણે ખુબ ખુશી થશે.

કર્ક : કાર્યક્ષેત્રમાં કેટલાંક પરિવર્તન આવશે, જેના કારણે તમારા સાથીઓનો મૂડ બગડી શકે છે પરંતુ તે તમારા માટે ફાયદાકારક રહેશે. બપોરે દાનમાં ખર્ચ કરવામાં આવશે.

સિંહ : આજનો દિવસ મિશ્રિત રહેશે. કાર્યસ્થળના કર્મી અથવા કોઈ સંબંધીના કારણે તણાવ વધી શકે છે. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો, પૈસા ક્યાંક અટવાઈ શકે છે. જો તમારે કોર્ટના કેસમાં ચક્કર લગાવવાના હોય તો છેવટે તમે વિજયી થશો.

કન્યા : ધંધામાં યોગ્ય સમયે લેવાયેલા નિર્ણયો લાભકારક સાબિત થશે અને અટકેલા કામ પૂરા થશે. વાણી પર નિયંત્રણ રાખવામાં નિષ્ફળતા તમને પ્રતિકૂળ પરિસ્થિતિઓ તરફ દોરી શકે છે.

તુલા : વ્યાવસાયિક સહયોગીઓ તમારી સલાહનો લાભ લેશે અને લાભ મેળવશે. વ્યાવસાયિક યાત્રાઓ લાભકારક રહેશે. પરિવારના સભ્યો સાથેનો સમય આનંદદાયક રહેશે.

વૃશ્ચિક : આજે કાર્યમાં તમારી ઉતાવળથી તમને લાભ થશે અને તમે સર્જનાત્મક કાર્ય તરફ પણ ઝુકાવશો. શિક્ષણ અને સ્પર્ધા ક્ષેત્રે વિદ્યાર્થીઓ માટે વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ રહી છે.

ધનુ : પિતા અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈપણ સંપત્તિ પ્રાપ્ત કરવાની ઈચ્છા પૂર્ણ થશે. તમારા જીવન સાથીના ટેકાથી તમે તમારા બધા લક્ષ્યો પૂર્ણ કરી શકશો.

મકર : રાજકીય ક્ષેત્રે કાર્યરત લોકોને સફળતા મળશે. ઘરના વડીલોના આશીર્વાદ તમને પ્રેરણા આપશે. સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને અટકેલા કાર્ય પણ પૂર્ણ થશે. બાળકો પ્રત્યેની જવાબદારી પૂરી થશે. વિદ્યાર્થીઓને તેમની તૈયારી કરવાની તક મળશે.

કુંભ:બિનજરૂરી વ્યાવસાયિક ખર્ચ પર નિયંત્રણ રાખવાની જરૂર રહેશે. જીવનસાથીના સહયોગથી મુશ્કેલીઓમાંથી મુક્તિ મળશે. સંબંધીઓ તરફથી ખુશી અને પારિવારિક કાર્યમાં ખુશી મળશે.

મીન : સરકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા ઉદ્યોગપતિઓને લાભ મળશે અને યોજનાઓને પણ વેગ મેળવશે. ઉતાવળ અને ભાવનાત્મકતામાં કાર્યસ્થળ સંબંધિત કોઈ નિર્ણય ના લો, નહીં તો પછીથી મુશ્કેલી આવી શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદમાં આતિથ્ય માણવા આવેલ દુંદાળા દેવની પ્રતિમાનું દશમાં દિવસે વિર્સજન કરાયું

દાહોદ,

દશ દિવસના જાજરમાન આતિથ્ય માણીને દુદાળા દેવનું વિસર્જન કરવામાં આવ્યું હતું. રૂટો પર ટ્રાફિકનું નિયમન દાહોદ શહેરમાં પોલીસોનો લોખંડી બંદોબસ્ત ગોઠવી શ્રીજીની હસતા મોઠે વિદાય આપી હતી.

દાહોદ શહેરમાં દુંદાળા દેવની આજે વાજતે ગાજતે દબદબાભરી વિસર્જન યાત્રા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પાલિકાએ નિર્ધારિત કરેલ સાત બંગલા પાછળના તળાવ ખાતે પહોંચી ત્યાં શાસ્ત્રોકત વિધિ અનુસાર પુજા અર્ચના કર્યા બાદ ગણપતિ બાપ્પા મોરીયાના ગગન ભેદી નાદ સાથે તળાવમાં શ્રીજી વિસર્જન કરવામાં આવી હતી.

કોરોનાના કપરા બે વર્ષ બાદ ચાલુ વર્ષે શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પણ ગણેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

૧૦ દિવસ લોકો શ્રીજી દર્શન કરવા માટે પરિવાર સાથે ઉમટી પડ્યા હતા. દાહોદ શહેરમા વાજતે ગાજતે ડીજેના તાલે શ્રીજી સ્થાપના કરવામાં આવી હતી. તેવી જ રીતે આજે શુક્રવારે ૧૦ દિવસનું આતિથ્ય માણનાર મોંઘેરા મહેમાન શ્રીજીના વિસર્જન માટેની સવારી બપોરના બાર વાગ્યાથી નીકળવાનો આરંભ નિર્ધારિત રૂટ પરના માર્ગો ડીજે અવાજથી ધણધણી ઉઠ્યા હતા અને ગણપતિ બાપ્પા મોરીયાના સર્વત્ર ગુંજી રહેલા નાદને કારણે સમગ્ર દાહોદ શહેર ગણેશમય બન્યું હતુ.

પોલીસ તંત્ર દ્વારા લોકોને સુરક્ષાને ધ્યાને રાખી લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જેમાં એસપી, એએસપી, ડીવાયએસપી તથા પીઆઈ કક્ષાના અધિકારી, પીએસઆઈ, એસઆરપી સહિત મહિલા સી–ટીમના સ્કવોર્ડ પણ તૈનાત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત શહેર પોલીસ દ્વારા ટ્રાફિક શાખા દ્વારા શ્રીજીની મુર્તિઓ લઈ જવાના રૂટો પર ટ્રાફિક નિયમનની વ્યવસ્થા કરવામાં આવી હતી. સાથે ઘોડે સવાર, વ્રજ મોબાઈલ તેમજ રૂટ પરના સીસીટીવી કેમેરા, બોડીવોર્ન કેમેરા જેવી તમામ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. પોલીસની આ કામગીરીમાં સાયબર ક્રાઈમ પોલીસ પણ જોડાઈ અને ખોટી અફવાઓ ફેલાવનાર તેમજ વિસર્જન સંબંધિત કોઈ ખોટો મેસેજ વાયરલ કરનાર અંગે સોશ્યલ મિડીયા પર વોચ રાખવામાં આવી રહી હતી.



દાહોદ પરેલ સાત બંગલા પાછળ આવેલ તળાવમાં દાહોદ શહેરના આશરે ૯૫ થી ૧૦૦ જેટલા નાના–મોટા ગણપતિનું દબદબાભેર વિસર્જન કરવામાં આવ્યું હતું. વિસર્જન સ્થળે નગર પાલિકા દ્વારા ફ્લ્ડ લાઈટ તથા ક્રેન વિગેરેની સુંદર વ્યવસ્થા પણ કરવામાં આવી છે. વિસર્જન સ્થળ દુર હોવાને કારણે નાના ગણેશજીનું વિસર્જન કરવા માટે જે લોકો જઈ શકતા ન હોય કે જેને જવું ના હોય તેઓના શ્રીજીની નાની મુર્તિઓને વિસર્જન સ્થળે પહોંચાડી વિધિસર વિસર્જન થઈ શકે તે માટે દાહોદ તળાવ પર વલ્લભ ચોક ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પાંચ અને નગરપાલિકા દ્વારા બે થી ત્રણ મળી કુલ સાત થી આઠ જેટલા ટ્રેક્ટરો મુકવામાં આવ્યા છે. આ વર્ષે દર વર્ષની સરખામણીમા મોટા ગણપતિની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. તેમજ ઘરે સ્થાપના કરેલ ગણેશજીની ગણતરી કરવી અશક્ય બની હતી. તેટલા ગણપતિનું આજે દાહોદ પરેલ સાત બંગલા પાછળના તળાવમાં દબદબાભેર વિસર્જન કરવામાં આવી રહ્યું છે.


દૂંદાળા દેવ ગણપતીજીના વિસર્જન કરવા દાહોદ નગર પાલિકાના ભાજપના પ્રમુખ રીનાબેન પંચાલ અને ઉ.પ્રમુખ અબ્દી સમુનભાઈ ચલ્લાવાળા તસવીરમાં નજરે પડી રહ્યા છે.

# દે.બારીયાના બામરોલી ગામે યુવતિની તેના જ માસા દ્વારા કરાઈ હતી હત્યા

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના બામરોલી ગામે એક અંદાજે ૨૦ થી ૨૫ વર્ષીય યુવતીની ધડથી અલગ થયેલી લાશ નજીકના જંગલમાંથી મળી આવતાં ચકચાર મચી જવા પામી હતી. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખી દાહોદ એલ.સી.બી. પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરતાં ચોંકાવનારો ખુલાસો થતાં જિલ્લાભરમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. યુવતીને મોતને ઘાટ ઉતારનાર તેના માસાજ હોવાનું બહાર આવવા પામ્યું છે. ભાણેજ અને માસા વચ્ચે પ્રેમ સંબંધ હોઈ અને ભાણેજ યુવતીએ અન્ય યુવક સાથે પ્રેમ સંબંધ રાખતી હોવાથી પોતાના માસાને આ ગમતું ન હોવાને કારણે યુવતીના માસાએ પોતાની ભાણીને જંગલમાં લઈ લઈ છરા વડે કરપીણ હત્યા કરી નાંખી હોવાની હત્યારા માસાએ પોલીસ સમક્ષ કબુલાત કરતાં પોલીસ બેડામાં પણ સ્તબ્ધતા છવાઈ ગઈ હતી.

ગત તા.૦૭મી સપ્ટેમ્બરના રોજ દેવગઢ બારીઆ તાલુકાના બામરોલી ગામે એક ૨૦ થી ૨૫ વર્ષીય યુવતીની ધડથી અલગ થયેલી લાશ મળી આવી હતી. દાહોદ એલ.સી.બી. પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરી અળગ અલગ ટીમો બનાવી હતી. વિસ્તારના સીસીટીવી ફુટેજની તપાસ હાથ ધરી હતી. પોલીસે ઈન્ટેલીજન્સીની મદદથી વણઓળખાયેલ મૃતક યુવતીની લાશ તથા આરોપીની ઓળખ પ્રસ્થાપિત કરી પોલીસે ધરપકડના ચક્રોગતિમાન કર્યાં હતાં. પોલીસે મૃતક યુવતીના પરિવારજનોનો સંપર્ક સાંધ્યો હતો અને અલગ અલગ મુદ્દાઓ જેવા કે પારીવારીક, પ્રેમ સંબંધ, વ્યક્તિગત અદાવત તેમજ ખાસ કરીને અંતરીયાળ વિસ્તારમાંથી લાશ મળેલ હોય તે અલગ અલગ દિશાઓમાં તપાસ કરતાં પોલીસ સમક્ષ પ્રેમ પ્રકરણનો મુદ્દો તપાસમાં વિશેષ મળ્યો હતો. પોલીસે તે દિશામાં તપાસ કરતાં મૃતક યુવતીના દુરના માસા જેન્તીભાઈ છત્રસિંહ રાઠવા (રહે. વાવ લવારીયા, માળ ફળિયુ, તા. દેવગઢ બારીઆ, જિ.દાહોદ) ની ઉપર શંકા ગઈ હતી. પોલીસે તેની પુછપરછ કરતાં પોલીસને



## માસા અને ભાણેજ વચ્ચે પ્રેમ સંબંધ હોય અને યુવતિ અન્યને પ્રેમ કરતાં હત્યા કરાઈ

સંતોષકારક જવાબ મળ્યો ન હતો. જેથી પોલીસે તેને પોલીસ મથકે લાવી સઘન પુછપરછ કરતાં જેન્તીભાઈ ભાંગી પડ્યાં હતાં અને પોલીસ સમક્ષ કબુલ્યું હતું કે, મૃતક યુવતી અને જેન્તીભાઈ વચ્ચે પ્રેમ સંબંધ હતો. યુવતી અન્ય યુવક સાથે પ્રેમ સંબંધ રાખતી હોવાના ખોટા શક વહેમ જેન્તીભાઈ રાખતા હતાં. યુવતીનો અન્ય યુવક સાથે પ્રેમ સંબંધ રાખી હતી. યુવતીને મોતને ઘાટ ઉતારી નાંખવાનો જેન્તીભાઈએ પ્લાન બનાવી દીધો હતો. ગતરોજ યુવતીને જેન્તીભાઈ પોતાની ઈકો ગાડીમાં બેસાડી બામરોલી ગામના અંતરીયાળ જંગલમાં લઈ ગયો હતો અને પોતાની સાથે એક ધારદાર છરો પણ લઈ ગયો હતો. જ્યાં મોકો જોતા જેન્તીભાઈએ યુવતીને મોતને ઘાટ ઉતારી નાંખી હતી અને શરીરથી ધડ અલગ કરી નાંખ્યું હતું. સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં દાહોદ ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કાર્યક્રમ યોજાશે

દાહોદ,

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં આગામી તા. ૧૧ સપ્ટેમ્બર, રવિવારે દાહોદ ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કાર્યક્રમ યોજાશે. આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની આર્થિક સ્થિતિ ઉન્નત બને અને નાગરિકોના સુસ્વાસ્થ્ય માટે ગામ દીઠ ૭૫ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે આહ્વાન કર્યું છે. ત્યારે જિલ્લા વહીવટી તંત્રે રવિવારે યોજાનારા પ્રાકૃતિક કૃષિપ્રકૃતિના શરણે પરિસંવાદમાં મોટી સંખ્યામાં ખેડૂતો સહભાગી બને એ માટેનું આયોજન કર્યું છે.

જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

અધ્યક્ષતામાં ગુરૂવારે યોજાયેલી બેઠકમાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કાર્યક્રમ માટેનું આયોજન કરાયું હતું. રાજ્યપાલની અધ્યક્ષતામાં યોજાનારો આ પરિસંવાદ આગામી રવિવારે દાહોદ નગરનાં સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતે આવેલા પંડિત દિનદયાલ સભાગૃહ ખાતે યોજવામાં આવશે. ગુજરાત વિધાનસભાના દંડક રમેશભાઈ કટારા, સાંસદ જસવંતસિંહ ભાભોર, જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા સહિતના મહાનુભાવો પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આ માટેની તમામ વ્યવસ્થાઓનું આયોજન બેઠકમાં કરવામાં આવ્યું હતું.

કલેક્ટર ડો. ગોસાવીએ કાર્યક્રમના આયોજન બાબતે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ અધિકારીઓને આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિએ ખેડૂતોના આર્થિક ઉપાર્જનને બમણું તો કરશે જ તેમજ માનવ સ્વાસ્થ્ય અને પર્યાવરણ માટે પ્રાકૃતિક કૃષિ ખૂબ જ મહત્વની છે. ત્યારે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં વધુમાં વધુ ખેડૂતોને સહભાગી થાય એ માટે અધિકારીઓને જણાવ્યું હતું.

બેઠકમાં એએસપી જગદીશ બાંગરવા, ડીઆરડીએ નિયામક, આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર ડી.એલ. પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# અગ્નિવીર ભરતી પૂર્વેની નિવાસી તાલીમ વર્ગ માટે પરીક્ષા યોજાઇ, ૧૩૦ યુવાનોએ લીધો ભાગ



દાહોદ,

નવજીવન કોલેજ મેદાન ખાતે ગત બુધવારે જીલ્લા રોજગાર કચેરી દાહોદ દ્વારા અગ્નિવીર ભરતી પુર્વેની નિવાસી તાલીમ વર્ગ માટે અરજીઓની સ્કુટીની કરવામા આવી હતી. જેમા અમદાવાદ ખાતે યોજાનાર લશ્કરી(અગ્નીવીર) ભરતી રેલીમાં ભાગ લેવા ઓનલાઈન ફોર્મ ભરેલા ઉમેદવારો ભરતીમા સારો દેખાવ કરી શકે તે માટે રોજગાર કચેરી દાહોદ દ્વારા સંભવીત તા.૧૨ સપ્ટેમ્બર થી ૩૦ દિવસ સુધિ ૬૦ ઉમેદવારો માટે વિના મુલ્યે નિવાસી તાલીમ વર્ગ યોજનાર છે.

આ ૨૪૦ કલાકની તાલીમમા એક્સ સર્વીસમેન દ્વારા ઉમેદવારોને શારીરિક તાલીમ અને તજજ્ઞ વકતા ફેકલ્ટી દ્વારા ગણીત, વિજ્ઞાન, સામાન્ય જ્ઞાન, કોમ્પ્યુટર અને અંગ્રેજી વિષયની થીયરી તાલીમ આપવામા આવશે. જેમા ઉમેદવારને રહેવા, જમવાની સુવિધા ફ્રી અપાશે તેમજ સાહીત્ય આપવામા આવશે. ૮૦ ટકાથી વધુ હાજરી ધરાવતા ઉમેદવારને દૈનિક ૧૦૦ રૂ. સ્ટાઈપન્ડ ચુકવાશે. તાલીમ વર્ગમા જોડાવા અરજી કરેલા ૧૩૦ જેટલા ઉમેદવારોએ પ્રીસ્કુટીનીમા ભાગ લીધો હતો. જેમા ઉમેદવારોના ઉંચાઈ, વજન, છાતી તેમજ દોડ તપાસવામા આવી હતી.

પ્રીસ્કુટીનીમા પાસ થયેલા ૭૦ જેટલા ઉમેદવારોના મેડીકલ કરાવીને સંભવીત તા ૧૨ સપ્ટેમ્બર થી બંને તાલીમ વર્ગમા ૬૦ ઉમેદવારોની નિવાસી તાલીમ શરૂ કરવામા આવશે. તાલીમ વર્ગ માટે ઉમેદવારોની સ્કુટીનીમા રોજગાર અધિકારી એ એલ ચૌહાણ, તેમજ કચેરીના સ્ટાફ અને એક્સ સર્વીસમેન ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ જિલ્લામાં પોષણ માસ અંતર્ગત લોકજાગૃતિ અર્થે યોજાઇ પોષણ રેલી



દાહોદ,

દાહોદ જિલ્લામાં અત્યારે પોષણ માસની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત દાહોદમાં જિલ્લા કક્ષાનો કાર્યક્રમ ગત ગુરૂવારે યોજાયો હતો. જેમાં વાનગી નિર્દેશન, વૃક્ષારોપણ તેમજ જિલ્લા કક્ષાની પોષણ રેલીને જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા તેમજ જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી સહિતના મહાનુભાવોએ જિલ્લા પંચાયત ભવન ખાતેથી પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં પોષણકર્મીઓએ ભાગ લીધો હતો. પોષણ રેલી સપ્ટેમ્બર માસ દરમિયાન જુદા જુદા ગામોમાં યોજાશે અને લોકોને સુપોષિત આહારનો સંદેશો આપશે.

તદ્દઉપરાંત પોષણ અંગે લોકજાગૃતિ આવે તે માટે કુપોષણ મુક્ત ગ્રામ પંચાયતનું સુત્ર મુખ્ય સેવિકા બહેનો તેમજ આંગણવાડી કાર્યકરોને આ અંગે જિલ્લા પંચાયત ભવન ખાતે યોજાયેલી બેઠકમાં અપાયું હતું. તેમજ દરેક ગ્રામ પંચાયત સુપોષિત બને એ માટે ઝુંબેશ ઉપાડીને કુપોષણ નાબુદીના સરકારના અભિયાનને જનજન સુધી પહોંચતું કરવા જણાવાયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ તા.૮ મી માર્ચ, ૨૦૧૮ના રોજ પોષણ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. તેને અનુલક્ષીને પોષણ અભિયાન હેઠળ જન આંદોલનના ભાગરૂપે સમગ્ર દેશમાં સપ્ટેમ્બર માસ દરમ્યાન પોષણ માહની ઉજવણી કરવામાં આવી રહી છે. તેમજ દાહોદ જિલ્લામાં પણ પોષણ માસ અંતર્ગત લોકજાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે.

પોષણ માસ અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં નાયબ નિયામક આઈસીડીએસ વડોદરા ઝોન તેમજ પોગ્રામ અધિકારી આઈસીડીએસ, દાહોદ સહિતના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# દાહોદના સંજેલી રેન્જમાં વન વિભાગની ચાર વર્ષની મહેનત બાદ વેરાન વિસ્તારમાં છવાઈ હરિયાળી

સંજેલી,

મધ્ય ગુજરાતમાં પોતાના વનવૈભવથી આગવી ઓળખ ધરાવતા દાહોદના જંગલોમાં વન વિભાગ દ્વારા જળ સંચયના કામો કરવામાં આવતા અદ્દભૂત કુદરતી નજારો જોવા મળી રહ્યો છે. તેની સાથે જમીનમાં પાણીના તળ ઉંચા આવ્યા છે. વન વિસ્તારના કેટલાક ભાગોમાં કરાયેલા વૃક્ષારોપણને પણ ફાયદો થયો છે. વન વિભાગ દ્વારા પ્રતિ વર્ષ સઘન વૃક્ષારોપણ અને જળ સંચયના કામો કરવાના કારણે વેરાન વિસ્તારોમાં પણ હવે હરિયાળી છવાઇ છે.

વડોદરા વન વર્તુળ હેઠળના બારિયા વન વિભાગના નાયબ વન સંરક્ષક રમેશ એમ.પરમારે જણાવ્યું કે, દાહોદ જિલ્લામાં ૯ તાલુકામાં કુલ ૧૩ વન પરિક્ષેત્ર કાર્યરત છે. જેમાં બારીયા વન વિભાગનો કુલ જંગલ વિસ્તાર


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

૮૧૫.૩૭ ચો.કિ.મીનો છે. બારીયા તાલુકામાં ૧૪૪.૮૬ ચો.કિ.મી, ધાનપુર તાલુકામાં ૧૨૭.૭૭ ચો.કિ.મી, દાહોદ તાલુકામાં ૧૨૩.૬૪ ચો. કિ. મી, ઝાલોદ તાલુકામાં ૯૪.૬૪ ચો.કિ.મી, ફતેપુરા તાલુકામાં ૪૦.૬૬ ચો.કિ.મી, સંજેલી તાલુકામાં ૬૧ ચો.કિ.મી, ગરબાડા તાલુકામાં ચો.કિ.મી, લીમખેડા તાલુકામાં ૧૦૮.૭૪ ચો.કિ.મી વન વિસ્તાર મુખ્ય છે.

ઉક્ત વન વિસ્તારમાં ચેકડેમ, ચેકવોલ તથા વનતલાવડી ઉપરાંત પર્કોલેશન ટેન્ક નિર્માણની કામગીરી કરવામાં આવેલ છે. જળ સંગ્રહ કરવાનો મુખ્ય હેતું વધુ પાણીનો સંગ્રહ તથા વન્ય જીવોને છેલ્લા સમય સુધી પીવાના પાણીની સુવીધા ઉપલબ્ધ થઇ શકે તેવો રહ્યો છે. તદ્દઉપરાંત આજુ બાજુના વિસ્તારમાં આવેલા કૂવા, હેંડપંપ, તળાવોના પાણીના સ્તર ઉંચા કરવા તથા અનિયમીત વરસાદના કારણે ખેડુતો એક જ પાક લેતા હોય બાકીના સમયે કામગીરીની શોધમાં હિજરત કરતા હોય તે માટે જંગલ વિસ્તારમાં થયેલા જળ સંગ્રહથી તેમના કૂવામાં પાણી રહેતા વધુ મૌસમનો પાક લઈ શકે છે. ચાલુ વર્ષે કુલ ૪૧ વન તલાવડી બનાવવામાં આવી છે.

સંજેલી પરિક્ષેત્રમાં ઝાલોદ પાસે ગરાડુ બિટમાં ગરાડું પ્લોટનું ૧૧૧ હેક્ટર ઉજ્જડ જમીનને વન વિભાગે સઘન વૃક્ષારોપણ કરી હરીભરી કરી દીધી છે. ગરાડું વિસ્તાર વિરાન, પથ્થરવાળો હતો. વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૯/૨૦માં આ વિસ્તારને સઘન પ્લાન્ટેશન હેઠળ લેવામાં આવ્યો છે. આ વિસ્તારમાં ૯ ચેકવોલ, ૩૫ વનતલાવડી ઉપરાંત કન્ટુર ટ્રેન્ચ કર્યા બાદ રોપા વાવેતર કરવાથી હાલમાં ત્યાં વીડી વાળો વિસ્તાર થયો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.18

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ઘોઘંબા, જાંબુઘોડા, હાલોલમાં દશમા દિવસે સ્થાપિત શ્રીજીની મૂર્તિઓનું વિર્સજન કરવામાં આવ્યું


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા







ગોધરા,
પંચમહાલના ઘોઘંબા, હાલોલ અને જાંબુઘોડા ખાતે ગણેશ મંડળો દ્વારા સ્થાપિત શ્રીજીની દશ દિવસ સુધી ભકિતભાવ સાથે પૂજા-અર્ચના બાદ આજે દશમા દિવસે શ્રીજીની સ્થાપિત મૂર્તિઓનું તળાવોમાં વિર્સજન કરવામાં આવ્યું.

પંચમહાલના ઘોઘંબા આદિવાસી વિસ્તારમાં દશ દિવસો સુધી ભકતોનું આતિથ્ય ભાવ માણવા આવેલ શ્રીજીની આસ્થા ભકિતભાવ સુધી પૂજા-અર્ચના કરી દશમા દિવસે ડી.જે. અને ઢોલના તાલે મોટી સંખ્યામાં ભકતોની હાજરીમાં ડી.જે.ના તાલે ઝુમીને શ્રીજીની સ્થાપિત મૂર્તિઓનું વિર્સજન કરવામાં આવ્યું.

જાંબુધોડામાં અલગ-અલગ ગણેશ મંડળો દશમા દિવસે સ્થાથિત શ્રીજીની મૂર્તિઓ ટ્રેકટરમાં મુકીને વિર્સજન યાત્રા કાઢવામાં આવી હતી. વિર્સજન યાત્રામાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. અને શ્રીજીની વિર્સજન યાત્રા કડાણા ડેમ સુધી જઈને મૂર્તિઓનું વિર્સજન કરવામાં આવ્યું.

હાલોલ નગરજનો દ્વારા ભકતોનું આતિથ્ય ભાવ માણવા આવેલ શ્રીજીની દશ દિવસ સુધી ભકિતભાવ સાથે પૂજા-અર્ચના કરવામાં આવી હતી અને અનંત ચૌદશના દિવસે ભારે હૈયે શ્રીજી બાપાને ગણપતિ બાપા મોર્યા અગલે બરસ તું જલ્દી આના કોલ સાથે ગણેશ વિર્સજન યાત્રા યોજવામાં આવી હતી. હાલોલ પાલિકા દ્વારા સિઘવવા તળાવ અને વડા તળાવ સુધી વિર્સજન યાત્રામાં ડી.જે.ના તાલે ઝુમીને શ્રીજીની મૂર્તિઓનું વિર્સજન કરવામાં આવ્યું.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

**શહેરા તાલુકાના વાડી, વલ્લભપુર અને અણીયાદ ગામ ખાતે દસ દિવસ સુધી દુંદાળાદેવની પૂજા અર્ચના કર્યા બાદ આનંદ ચૌદસના દિવસે વિસર્જન કરવામાં આવ્યું હતું.**

## રતનપુર(કાં) પ્રા.શાળા દ્વારા શ્રીજીની પ્રતિમાનું નર્મદામાં વિર્સજન કરાયું



કાંકણપુર,
પંચમહાલ જિલ્લા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત કાંકણપુર પોલીસ સ્ટેશન અને સ્ટુડન્ટ પોલીસ કેડેટ.સિનિયર/જુનીયર રતનપુર(કાં) પ્રાથમીક શાળા દ્વારા તા.૦૯/૦૯/૨૦૨૨ના રોજ શ્રીજી પ્રતિમાનું વિસર્જન નર્મદા કેનાલ ખાતે કરવામાં આવ્યું. સ્ટુડન્ટ પોલીસ કેડેટ બાળકોના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે શ્રીજીની શાહી સવારી નીકળી હતી. ડી.જે. ના તાલે ગણેશ ભક્તો ઝૂમી ઉઠ્યા હતા. સ્ટુડન્ટ પોલીસ કેડેટ બાળકોને ક્રોસ રસ્તા ઉપર તેમજ ધાબા ઉપર પોઈન્ટ અસામાજિક તત્વો ઉપર બાજ નજર કેવી રીતે રાખી શકાય બંદોબસ્ત અને કાયદા અને વ્યવસ્થાનું પાલન કરવા માટે પ્રેક્ટીકલ નોલેજ સાથે સુપરવિઝન શાળાના શિક્ષક દશરથભાઈ અને સુનિલભાઈ દરજી, પરેશ.એન. સુથાર અને.એ.ડી.આઇ. અશોકભાઈ પરમાર, મહિલા પોલીસ નયનાબેન બારીયા દ્વારા આપવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય ભરતભાઈ પટેલ, ગોકળભાઈ પરમાર તેમજ કાંકણપુર પોલીસ સ્ટેશનનાં પીઆઇ એ.બી. ચૌધરીએ સૌને હાર્દીક અભિનંદન સાથે ધન્યવાદ પાઠવ્યા હતા. બાળકોની કામગીરી જોઈને ગ્રામજનોએ ખુશી સાથે હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

## ગુજરાત રાજય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ જયશંકરભાઈ રાવલનું “સંસ્કૃત સંભાષણની ઉપયોગીતા” ઉપર વ્યાખ્યાન યોજાયું



ગોધરા,
ગોધરાની શેઠ પી. ટી. આટ્ર્સ એન્ડ સાયન્સ કોલેજ ગોધરામાં સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડો. રાજેશ વ્યાસ દ્વારા વર્તમાન સમયમાં સંસ્કૃત સંભાષણની ઉપયોગિતા વિષય ઉપર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. તેમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ જયશંકર ભાઈ રાવલ દ્વારા મહત્વપૂર્ણ વ્યાખ્યાન આપવામાં આવ્યું.

આ વ્યાખ્યાનમાં જયશંકરભાઈએ સંસ્કૃત ભાષાની પ્રાચીનતા વિશે ચર્ચા કરીને સંસ્કૃત બધી જ ભાષાઓની જનની છે, તેવું ઉદાહરણ સહિત પુરવાર કર્યું હતું. જયશંકરભાઈ રાવલે તેમનું સંપૂર્ણ વ્યાખ્યાન સંસ્કૃત ભાષામાં જ આપ્યું હતું. વિદ્યાર્થીઓને સરળતાથી સમજાઈ જાય તેવા સરળ સંસ્કૃત વાક્યોનો ઉપયોગ કરી અને તેમણે જે મુદ્દાઓ ટાંક્યા હતા. તેનાથી વિદ્યાર્થીઓમાં એક ઉત્સાહ જોવા મળ્યો હતો. સંસ્કૃતમાં ભાષણ આપતી વખતે તેમણે જણાવ્યું કે, હું જે કંઈ બોલી રહ્યો છું તે તમે બધા સમજી રહ્યા છો. કારણ કે, ગુજરાતી ભાષાના ૬૦ થી ૭૦% શબ્દો સંસ્કૃત ભાષા માંથી ઉતરી આવેલા છે અને અન્ય ભાષાઓ ઉપર પણ સંસ્કૃતનો પ્રભાવ રહ્યો છે. વ્યક્તિના જીવનમાં યોગનું કેટલું મહત્વ રહેલું છે. તે સમજાવતા યોગનો વિષદ અર્થ સમજાવતા યોગ સાથે સંસ્કૃત ભાષા કેવી રીતે જોડાયેલી છે. તે વિશે પણ તેઓએ વિગતે ચર્ચા કરી હતી.

સંસ્કૃતમાં રચાયેલું પાણીનીનું વ્યાકરણ વિશ્વનું સૌથી શ્રેષ્ઠ અને પૂર્ણ વ્યાકરણ છે. તેમ જણાવી સંસ્કૃત વાક્ય રચનાની વૈજ્ઞાનિકતા ઉપર પ્રકાશ પાડ્યો હતો અને વળી તેમણે મહાકવિ કાલિદાસની કૃતિઓનો ઉલ્લેખ કરી તેમાં રહેલી તેમની આલંકારિક શૈલી વિશે પણ ચર્ચા કરી હતી.

આ કાર્યક્રમમાં ડો. સુરેશભાઈ ચૌધરી તથા સંસ્કૃત સંભાષણ કેન્દ્રના સંયોજક ડો. મહેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓએ રસપૂર્વક વ્યાખ્યાને માણ્યું હતું. અંતે ડોક્ટર સુરેશભાઈ ચૌધરીએ સૌનો આભાર વ્યક્ત કરીને આવા કાર્યક્રમોની ઉપયોગીતા વિશે થોડીક વાત કરી હતી.

## ઝાલોદ નગરમાં શ્રીજી બાપ્પાનું આન-બાન-શાન સાથે વિસર્જન



ઝાલોદ,
ગણપતિ બાપ્પાની દસ દિવસના આતિથ્યમાં કોઈ પણ ગણેશ મંડળો દ્વારા કચાશ રાખવામાં આવી ન હતી. દરેક ગણેશ મંડળો દ્વારા દરરોજ ભક્તિ ભર્યા પ્રોગ્રામ રાખવામાં આવતા હતા. વિસર્જનના આગલા દિવસે દરેક ગણેશ મંડળો દ્વારા ભિન્ન ભિન્ન ધાર્મિક કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. ૫૬ ભોગ, ૧૦૮ ભોગ, મહા આરતી, બાળકો દ્વારા પૂજા અર્ચના, ૧૦૦૮ દીવડાની આરતી, સુંદરકાંડ, ભજન કીર્તન, વેશભૂષા, બાળ રમતો, મરાઠી ડ્રેસ કોડમાં ગણેશજીની પૂજા અર્ચના જેવા પ્રોગ્રામો રાખવામાં આવ્યા હતા. બધાં ધાર્મિક પ્રોગ્રામો મોડી રાત સુધી ચાલતા હતા. આમ, દરેક ગણેશ મંડળ તેમજ ધાર્મિક ભક્તો ભક્તિમાં લીન જોવા મળતા હતા. વીસર્જનના આગલા દિવસે ભક્તોનો ખુબજ મોટા પ્રમાણમાં ધસારો જોવા મળતો હતો.

ઝાલોદ નગરમાં છેલ્લા કેટલાક દિવસથી વિસર્જનને લઈ તંત્ર સાથે વિવાદ થઈ રહેલ હતો. તંત્ર ગણેશજીનું વિસર્જન કૃત્રિમ તળાવમાં કરાવવા માંગતુ હતું, પરંતુ ઝાલોદ નગરના ગણેશ મંડળોને તંત્ર દ્વારા બનાવેલ કૃત્રિમ તળાવથી અસંતોષ હતો. ગણેશ મંડળોના કહેવા મુજબ હાલનું કૃત્રિમ તળાવ જે બનાવેલ છે તે ખુબજ ગંદુ છે અને ત્યાં જે સફાઈ છે, તેનાથી ગ્રામજનો અને ગણેશ મંડળોને અસંતોષ હતો. છેલ્લા દિવસ સુધી તંત્રના માનતા ઝાલોદના ભાજપના શહેર પ્રમુખ દિનેશભાઈ પંચાલ દ્વારા તેમના લેટરપેડ પર ગણેશ મંડળો અને ગ્રામજનોને સાથે રાખી ઝાલોદ નગર પાલિકા પ્રમુખને રજૂઆત કરતા તેમણે ગણેશ મંડળો અને ગ્રામજનોની વાત માન્ય રાખી લેખીત પરમીશન આપી હતી. તેથી દરેક હાજર લોકોએ તંત્રનો આભાર માન્યો હતો.

વિસર્જનના દિવસે ભક્તો સવારથીજ ગણેશજીને વિદાય આપવાની તૈયારીમાં લાગી ગયા હતા. દરેક ગણેશ મંડળો પરિવાર સહિત ગણેશજીની સવારની છેલ્લી આરતીમાં જોડાયા હતા. દરેક ગણેશ મંડળોના ગણેશજીના રથ ખુબજ આકર્ષક લાગતા હતા. અમુક ગણેશ મંડળોનું ડ્રેસ કોડ પણ આકર્ષણ જમાવતું હતું. દરેક ગણેશ મંડળો તેમજ ઘર-ઘરના લોકો પોત પોતાના ગણેશજીને રથમાં બેસાડી આખાં ઝાલોદ નગરમાં ફર્યા હતા. નગરના દરેક વર્ગ દ્વારા ગણેશજીના રથને પુષ્પવર્ષા દ્વારા સ્વાગત કરવામાં આવતું જોવાતું હતું. દરેક ગણેશ મંડળો દ્વારા ડીજે, નાશિક ઢોલ, ઢોલ કુંડી સાથે અબીલ ગુલાલ ઉછાળતા, ફટાકડા ફોડતા, ગરબા રમતા, નાચતા ઝૂમતા નગરની દરેક શેરીઓમાં ફર્યા હતા. દરેક ગણેશ મંડળો દ્વારા છેલ્લે રામસાગર તળાવ ખાતે પહોંચી ત્યાં ગણેશજીની આરતી કરવામાં આવી અને ગણપતિ બાપ્પા મોરિયા અગલે બરસ તું જલ્દી આ જેવા ધાર્મિક વાતાવરણથી ગગન ગુંજી ઉઠ્યું હતું. ચારે બાજુ થી એક જ અવાજ આવતી હતી. મોરિયા રે બાપ્પા મોરિયા રે,ગણપતિ બાપ્પા મોરિયા અગલે બરસતું જલ્દી આ, ગણેશજીની છેલ્લી વિદાય આપતા અમુક ભક્તોની આંખોમાં આશું પણ જોવાતા હતા અને બાપ્પાની સેવા કરવાનો સંતોષ દરેક ભક્તોના ચહેરા પર જોવાતો હતો. ઝાલોદ રામસાગર તળાવ ખાતે નાની મોટી અંદાજીત ૫૦૦ જેટલી મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. રામસાગર તળાવ ખાતેનો માહોલ મેળા જેવો લાગતો હતો. આશરે ૬૦૦૦ થી ૭૦૦૦ લોકો રામસાગર તળાવ ખાતે વિસર્જનમાં આવેલ હતા. વિસર્જનના ઉત્સવના માહોલની આહલાદક ક્ષણને સહુ કોઈએ આંખોમાં સજાવી લીધી હતી. ગણપતિ બાપ્પાના વિદાયની ઘડીએ કુદરત પણ રડતી હોય તેમ લાગતું હતું. ઝરમર વરસાદની વચ્ચે બાપ્પાની શોભાયાત્રા અને વિસર્જનની પળ સુંદર લાગતી હતી.

રામસાગર તળાવ ખાતે તંત્ર દ્વારા લાઈટ, પાણી તેમજ તરવૈયા, તરાપાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર વ્યવસ્થામાં પોલિસ તંત્રનો પણ ખૂબજ સુંદર સહકાર મળ્યો હતો. વિસર્જન રામસાગર તળાવ ખાતે શાંતિ પૂર્વક મોડી રાત્રિ સુધી ચાલતું રહ્યું હતું.

## ગોધરામાં મોડી સાંજે ગાજવીજ સાથે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક



ગોધરા,
ગોધરા શહેર સહિત ઉકળાટથી પરેશાન હતા. ત્યારે લાંબા સમયગાળા બાદ મોડી સાંજે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.

પંચમહાલ જીલ્લા સહિત મધ્ય ગુજરાતમાં મેઘરાજાએ લાંબો વિરામ લેતાં ગરમીનો પારો ઉપર ગયો હતો. સાથે વરસાદ ખેંચાઈ જતાં ધરતીપુત્રો પણ આકાશ તરફ મીટ માંડી રહયા છે. ત્યારે ગોધરા શહેર સહિત જીલ્લામાં બપોર બાદ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને મોડી સાંજે ગાજવીજ સાથે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. સાથે લાંબા સમય થી વરસાદની રાહ જોતા ધરતીપુત્રોમાં પણ આનંદ જોવા મળ્યો છે. ભાદરવા માસની શરૂઆત સાથે ગરમીનો પારો ઉંચે જતાં લોકો ગરમી અને બફારા થી પરેશાન હતા. ત્યારે મેઘરાજાએ મેઘમહેર કરતાં લોકોને ગરમીથી રાહત મળી છે.

### પંચમહાલ જીલ્લામાં નોંધાયેલ વરસાદ

ગોધરા-૨૦ મી.મી.
કાલોલ-૧૪ મી.મી.
ઘોઘંબા-૦૪ મી.મી.
જાંબુધોડા-૦૦
હાલોલ-૦૨ મી.મી.
મોરવા(હ)-૦૮ મી.મી.
શહેરા-૦૬ મી.મી.

## ઘોઘંબાના વાવકુંડલી ગામેથી પાંચ વર્ષીય બાળકીને દિપડો ઉપાડી ગયો હતો તેના અંગો ડુંગરા ઉપર થી મળ્યા

ઘોઘંબા,
ઘોઘંબાના વાવકુંડલી ગામે સમી સાંજે દિપડાએ પાંચ વર્ષીય બાળકીને બચકું ભરીને ઉપાડી ગયો હતો. તે બાળકીના મૃતદેહ જંગલમાં આવેલ ડુંગરા ઉપર ધડ થી માથું અલગ કરેલ હાલતમાં મળી આવ્યો.

વિસ્તૃત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના વાવકુંડલી ગામે ડુંગર ફળીયામાં પોતાના ઘર આંગણામાં સમી સાંજે પાંચ વર્ષીય બાળકી જશલીબેન નરેશભાઈ નાયક ખાટલામાં સુંઈ રહી હતી. ત્યારે માનવભક્ષી દિપડાએ બાળકીને ગળાના ભાગે બચકું ભરીને જંગલ તરફ ઉપાડી ગયો હતો. વન વિભાગને જાણ કરતાં વન કર્મચારી દામાવાવ પોલીસ અને ગ્રામજનો દ્વારા દિપડો ઉપાડી ગયો હતો. તે બાળકીની જંગલમાં શોધખોળ કરવામાં આવી હતી. ત્યારે જંગલમાં આવેલ ડુંગરા ઉપર થી બાળકીનું ગળાના ભાગે થી બચકું ભરી ધડ થી માથું અલગ કરેલ હાલતમાં મળી આવ્યું હતું. આંગળીઓ છુટી પડેલ મળી આવી. ફોરેસ્ટ વિભાગ અને પોલીસે બાળકીના અંગો ભેગા કરીને પરિવારને સોંપવામાં આવ્યા. ઘોઘંબા પંથકમાં માનવભક્ષી બનેલ દિપડાની ઓળખ કરીને પાંજરે પુરવામાં આવે અથવા દિપડાને ગોળી મારવામાં આવે તેવી માંગ સ્થાનિકો દ્વારા ઉઠવા પામી છે.

## ગોધરા હેતલીની વાડી પાસેથી બાઈક ઉપર લઈ જવાતો ૩૨ કિલો ગૌમાંસના જથ્થા સાથે ઈસમ ઝડપ્યો

ગોધરા,
ગોધરા હેતલીની વાડી અબશર મસ્જીદ પાસે બાઈક ઉપર થેલામાં ૩૨ કિલો ગૌમાંસના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યા. જ્યારે પોલીસે રેઈડ દરમિયાન બાઈક નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા હેતલીની વાડી અબશર મસ્જીદ પાસે બાઈક ઉપર બે ઈસમો રમજાની સિકંદર બુઢ્ઢા તથા મોહસીન સિદ્દીકહાજી વસ્કા મોટર સાયકલ ઉપર થેલામાં ગૌમાંસનો જથ્થો લઈને જતા હોય ત્યારે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી રમજાની સિકંદર બુઢ્ઢાને ૩૨ કિલો ગૌમાંસનો જથ્થો કિંમત ૬૯૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. જ્યારે રેઈડ દરમિયાન મોહસીન વસ્કા બાઈક લઈને નાશી છુટીયો હતો. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ અંતર્ગત ફરિયાદ નોંધાવા પામ્યો છે.

## ગરબાડામાં દશમા દિવસે શ્રીજીની સ્થાપિત મૂર્તિઓનું વિર્સજન કરાયું


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,
દસ-દસ દિવસ ભક્તોનું આતિથ્ય માણ્યા બાદ ગરબાડા ખાતે શુક્રવારના રોજ વિઘ્નહર્તા દેવની જે લોકોએ પોતાના ઘરમાં સ્થાપના કરી હતી. તેઓ વહેલી સવારથી જ પોતપોતાની રીતે ગરબાડાના રામના તળાવમાં શ્રીજીને વિદાય આપી રહ્યા હતા. તો બીજી તરફ વિસર્જનને લઈને શાળાઓ પણ સવારની હતી. ગરબાડા તાલુકા કુમાર શાળાના બાળકોએ પણ આ વર્ષે શાળામાં શ્રીજીની સ્થાપના કરી હોય શાળા છૂટતાની સાથે જ શાળાના બાળકો ગણપતિ બાપ્પા મોરિયાના જયકારા સાથે શ્રીજીને વિદાય આપી હતી. જ્યારે કન્યાશાળામાં માટીના ગણેશ બનાવીને ફૂલ છોડના કુંડામાં જ તેમને વિસર્જન કરવામાં આવ્યા હતા. સમગ્ર તાલુકામાં બપોર બાદથી શ્રીજીની ભવ્ય શોભાયાત્રાઓ નીકળી હતી અને વિઘ્નહર્તા દેવને ભારે હૈયે વિદાય આપવામાં આવી હતી.

## સંજેલીમાં ઉત્સાહભેર શ્રીજીની સવારી નીકળી વિઘ્નહર્તાનું વાજતે ગાજતે વિસર્જન


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી
સંજેલી તાલુકામાં આન-બાન-શાન ગણેશોત્સવની શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી કર્યા બાદ ૧૦ દિવસના આતિથ્ય માણ્યા બાદ ગૌરીનંદન ગજાનંદ ગણેશશ્રીજીને અગલે બરસ તુમ જલ્દી આવાના કોલ સાથે શ્રીજીના ભક્તોએ ધામધૂમથી શ્રીજીને ભાવભરી વિદાય આપી હતી. તાલુકામાં ઠેર-ઠેર ભાવિક ભક્તોએ શ્રીજીની પ્રતિમાનું આસ્થાપૂર્વક વિસર્જન કર્યું હતું. સંજેલી નગરમાં તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ઠેર-ઠેર હર્ષોલ્લાસ પૂર્વક વાજતે ગાજતે શોભાયાત્રા નીકળી હતી. સંજેલી, કોટા, ગોવિંદા તળાઈ ભામણ, થાળા, સરોરી, કકરેલી સહિતના ગામના શ્રીજીની પ્રતિમાનું ભક્તોએ શાંતિપૂર્ણ માહોલમાં વિસર્જન કર્યું. ગણપતિ બાપા મોરિયાના નારા સાથે છેલ્લા ૧૦ દિવસથી સંજેલી તાલુકામાં પ્રતિમા સ્વરૂપે મહેમાન બનેલા શ્રીજીને ભાવભરી વિદાય આપવામાં આવી. શ્રીજીના ભક્તો ધીમીધારે વરસાદમા ડીજેના તાલે રાસ ગરબાની રમઝટ બોલાવી હતી.